Ekatra Foundation

વર્ષ ૪। અંક ૨૪ । જૂન ૨૦૧૭

સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક : રમણ સોની

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન સલાહકાર અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

સંચયન

પ્રારંભઃ ઑગસ્ટ, 2013

સંપાદક : રમણ સોની

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

પ્રકાશક : અતુલ રાવલ

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા

email : mashru@ekatrafoundation.org

- **મુદ્રણ-અંકન (ટાઇપસેટ): મહેશ ચાવડા**
- **ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ**
- **લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની**

અમારી વેબસાઈટઃ

www.ekatrafoundation.org

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા 'સંચયન'નાં તમામ અંકો વાંચી શકાશે.

ઇ-મેઇલના માધ્યમથી 'સંચયન' સૌ મિત્રોને વિના મૂલ્યે મોકલવામાં આવે છે. આપનું, મિત્રોનું e-mail ID જણાવવા વિનંતી.

- વીજાણુ સામયિક 'સંચયન' દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- 'સંચયન' માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- 'સંચયન'માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો – ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

અ નુ ક્ર મ

સંચયન ૨૪ – જૂન ૨૦૧૭

૪ અનુભવનું ઐશ્વર્ય
સંપાદકનું કથન
– રમણ સોની

૭ સાત કાવ્યો
કવિતા
– જયન્ત પાઠક

૧૧ ફીલ થવું
વાર્તા
– અશ્વિની બાપટ

૧૭ ઉત્તર ઇટાલી
પ્રવાસ
– નંદિની જોશી

૨૪ વિદ્રોહ
નિબંધ
– સુરેશ હ૦ જોષી

૨૮ રસ્તો
ગઝલ
– રતિલાલ 'અનિલ'

૨૯ 'નામરૂપ', અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
ગ્રંથ-પરિચય
– જયંત કોઠારી

૩૩ અમને ભાવે છે
ગઝલ
– ઉદયન ઠક્કર

૩૪ પૂર
વાર્તા-અનુવાદ
– મહાશ્વેતા દેવી
(અનુ૰ ચંદ્રકાન્ત મહેતા)

૪૨ કરોડપતિ સંસદસભ્યો પગારવધારો માગે છે!
વિમર્શ
– દિનેશ શુક્લ

૪૩ મસ્તકે ચંદ્રશાળા
હળવો નિબંધ
– રમણ સોની

૪૭ 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

16, 27, 41 - Selected works on visual arts by Priscila and Nadiuska Furtado | Brazil.

સંપાદકનું કથન

અનુભવનું ઐશ્વર્ય

બહાર વરસાદ પડે છે.

હું ઓશિકે અઢેલીને પ્રવાસનું પુસ્તક લઈને બેઠો છું. ગઈકાલે બહાર હીંચકે ઝૂલતાં ઝૂલતાં વરસાદ માણ્યો – એ રીતે એને સત્કાર્યો. હવે આજે એ મહેમાન નથી, ઘરનો માણસ છે. એટલે આજે તો બારીમાંથી એ મને 'કેમ છે?' પૂછે છે ને હું 'આજે પણ બહુ જોર પડ્યું છે ને!' કહીને, પગ લંબાવીને, પથારીમાં પડ્યોપડ્યો પ્રવાસકથનો વાંચી રહ્યો છું. વચ્ચેવચ્ચે એને વરસતો જોઈ ~~રહ્યો છું~~ લઉં છું. કાન તો એના ભાતીગળ અવાજો તરફ વળેલા છે – ચૉકમાં એ તડતડ પછડાય છે, ડાળિયાનાં કોરુગેટેડ પતરાં પર એ જલતરંગ વગાડી રહ્યો છે, રસ્તા પર કોઈ કાર પાણી સાથે જોરો છમકારો કરીને દોડી જાય છે એ પણ કાન અંકે કરી લે છે. આંખોનું સંધાન પુસ્તક સાથે...

ક્યાં છું હું? ઘરમાં અને ફ્રાન્સમાં એકસાથે. એકસાથે અહીં અને ત્યાં. હજુ શરૂઆતનાં પાનાં છે એટલે એફિલ ટાવર વર્ષાધારાઓની પશ્ચાદ્ભૂમાં દેખાઈ રહ્યો છે, ફ્રાન્સના (લેખકે બતાવેલા) સુગંધિત માર્ગોની સુવાસ અને રસોડામાં ઊકળતી માની સુવાસ સાથેસાથે નાસિકાપથમાં પ્રવેશે છે. પણ પછી... થોડીક જ વારમાં ઘર નકશામાંથી હટી જાય છે. નોત્ર દામના દેવળની સન્નિકટ પહોંચું છું ત્યારે પગમાં થરથરાટ છે ને અતિ પ્રિય લુવ્ર મ્યુઝિયમ સામે દેખાય છે કે હું દોડતો ધસી જાઉં છું - લેખકમિત્ર, મને ઝટ અંદર લઈ જા. એ પ્રસન્નતાઓથી હવે ઘેરાઈ ગયો છું. નથી હવે વરસાદ, નથી ઘર, નથી ઓશિકે અઢેલ્યાની નિરાંત, નથી માની સુવાસ; હું અહીં નથી, ત્યાં જ છું.

એટલે જ પ્રવાસનું પુસ્તક મને વધારે ગમે છે વળી, જેમાં અનેક સ્થળોના પ્રવાસોના નિબંધો હોય એવું સંપાદન તો એથીય વિશેષ ગમે છે. ૧૯મી સદીના મહીપતરામ અને કરસનદાસનાં 'ઇંગ્લાંડો'માં ફરીને, કલાપીના કાશ્મીરમાં જરી લટાર મારીને સ્વામી આનંદ અને કાલેલકરના હિમાલયમાં લિજ્જતથી રખડવાનું! નવનીત પારેખે બોરોબુદુરનાં શિલ્પો-સ્થાપત્યો લગભગ ચોમેરથી બતાવ્યાં છે એમાં ફરી વળીને ચંદ્રકાન્ત બક્ષીએ અનુભવેલા ફ્રાંસની સૈર કરીને નંદિની જોશીના

ઇટાલીનાં અનેક સ્પૃહણીય શહેરોને — ખાસ તો આપણને સૌને પ્રિય, એમણે 'નરતું શહેર' કહેલા વેનિસને — નિરખીને ભારતી શાહના બોર્ડની રહસ્યમયી સૃષ્ટિમાં જઈ ચડવાનું !... એમ બેઠાં બેઠાં ને સૂતાં સૂતાં જ દુનિયાભરનો કેફી સ્વાદ માણ્યે જવાનો. ઘરની બહાર જ જોરદાર વરસાદ વરસે છે ને હું તો વગર ભિંજાયે — અરે હોય વગર ભિંજાયે; પરિપ્લાવિત થઈને — જોરદાર રઝળી રહ્યો છું, ભરપૂર આનંદથી.

સાહિત્યને ચિત્તભિલ વૈધાન્તરમ્ કહ્યું છે — ઘડીકમાં વાસ્તવ જગતમાંથી સાનંદ પલાયન — એ આ શબ્દે ખરા સાચું છે. 'આસપાસ'માંથી નીકળી જવાનું, 'ઓપાસ'માં ફેલાવા માટે.

સમયને ને સ્થળને ઠેકી જવાનાં. કદાચ એમ કહેવું જોઈએ કે અનેક સમયો અને અનેક સ્થળોમાં એકસાથે વિહરવાનું, બલ્કે વિસ્તરવાનું.

આ રીતીપુસ્તિકા નથી, પ્રવાસપુસ્તક કે નવલકથા કે નિબંધ કે કવિતા. લેખકનો અનુભવ સીધો જ વાચકનો અનુભવ બને એ બિંદુ. વાચકે પોતાના અનુભવને ને જ્ઞાનને જુદાં પાડવાનાં ન રહે, નર્યો ભરપૂર અનુભવ જ.

કલાનો આનંદ એ એવી અનુભવસમૃદ્ધિનો, એવા અનુભવ-સૌંદર્યનો આનંદ છે.

વરસતા વરસાદની પ્રસન્ન શુભેચ્છાઓ સાથે

રઘુ પ્રજોની

સાત કાવ્યો

જયન્ત પાઠક

ગાંધી-અનુગાંધીયુગના સંધિકાળે આવેલા કેટલાક મહત્ત્વના કવિ-અવાજોમાં એક **જયંત હિંમતલાલ પાઠક(જ.૨૦-૧૦-૧૯૨૦ – અવ.૧-૭-૨૦૦૩).** જયંતભાઈ ઉત્તમ કવિ –'મર્મર'(૧૯૫૪)થી શરૂ કરીને એમણે ઘણા કાવ્યસંગ્રહો આપ્યા. એમની વતન-સ્મરણકથા **'વનાંચલ'** ઘણી જાણીતી થયેલી છે. આજીવન ગુજરાતી સાહિત્યના અધ્યાપક રહેલા પ્રો. પાઠકે વિવેચક-સંશોધક તરીકે પણ મહત્ત્વના ગ્રંથો આપ્યા છે. એમાં **'આધુનિક કવિતા પ્રવાહ'** વિશેષ નોંધપાત્ર છે.



આદિમતાની એક અનુભૂતિ

હું આવું છું પાછો, બહુ દિન પછી, ઘેર : વનમાં,
ઉતારી નાખું છું વસન પુરના સભ્ય જનનાં :
પહેરી લૌં લીલું પટ ઊડતું વાતા પવનમાં,
હું આદિવાસી-શો ફરું અસલ વાતાવરણમાં.

ફૂલોમાં ઊંડેરો ઊતરી મધુ પીતો ચશચશી,
રજોટાતો, પાવા વિહગગણ કેરા બજવતો;
મહેકી માટીમાં વૃષભ મદીલો શૃંગ ઘસતો;
હું તાડોમાં ડોલું અસલિયતનો આસવ ઢીંચી.

સ્તનો-શી ઘાટીલી અહીંતહીં ફૂટી ટેકરી પરે
તૃણોના રોમાંચે તરવરતી, મારા કર ફરે;
સુંવાળી ને લીસી દ્રુત ઝરણજંઘાગીતલયે
ખીણોમાં ઊંડેરી ઊતરું રતિના ગૂઢ નિલયે.

પુરાણું આ મારું વન-ઘર, નહીં છપ્પર-ભીંતો;
અહીં અંધારાથી, શરમ મૂકીને, સૂર્ય રમતો,

કવિતા ન કરવા વિશે કવિતા

કવિતા કરવાનું બંધ કરીએ તો શું થાય?
સરોવરો સુકાઈ જાય?
નદીઓ વહેતી થંભી જાય?
ડુંગરા ડોલી ઊઠે?
ઘાસ ઊગતું બંધ થઈ જાય?
પૃથ્વી પાતાળમાં ચંપાઈ જાય?
ના, ના, એવું એવું તો ન થાય –
પણ.. પછી
જલપરીઓ છાનીમાની
ઝીણાં પવનવસ્ત્રો ઉતારી
જલક્રીડા કરવા ન આવે;
ડુંગરા વાદળની પાંખો પહેરીને
ઊડી ન શકે;
ઘાસને આંસુનાં ફૂલ ન ફૂટે;
પૃથ્વી ગોળ ગોળ ફરે
પણ ઠેરની ઠેર રહે
અવકાશમાં;
આકાશ ભણી ઊંચે ન જાય.
કવિતા કરવાનું બંધ કરીએ તો
આમ તો કશું ન થાય
– એટલે કે કશું થાય જ નહીં!

ચિતારો

અજબ મિલાવટ કરી
ચિતારે રંગપ્યાલીઓ ભરી!
એક લસરકે ઊગી નીકળ્યાં
જંગલ જંગલ ઝાડ;
ટપકે ટપકે ફૂટી નીકળ્યા
ધરતીપટથી પ્હાડ!
ઘટ્ટ નીલિમા નરી. – ચિતારે૦
જરાક ખંખેરી પીંછી ત્યાં
ફૂલને લાગી છાંટ;
ફૂંક મારતાં ફેલાયા શા
સાગર સાત અફાટ!
જલરંગે જલપરી! – ચિતારે૦
લૂછતાં વાદળપોતે ઊઘડ્યા
ઇન્દ્રધનુના રંગ;
રંગરંગમાં લીલા નિજની
નીરખે થઈને દંગ!
ચીતરે ફરી ફરી! – ચિતારે૦

થોડો વગડાનો શ્વાસ

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પ્હાડોનાં હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર;
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારાં ફરકે છે ઘાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.
સૂરજનો રંગ મારાં પાંદડાં પીએ ને
પીએ માટીની ગંધ મારાં મૂળ;
અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયાં ને
અર્ધું તે તમરાંનું કુળ;
થોડો અંધારે, થોડો ઉજાસમાં,
થોડો ધરતીમાં, થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

ભલું તમારું તીર ભલાજી –

ભલું તમારું તીર ભલાજી, ખરા તમે તાકોડી
એક મીંચીને આંખ માર્યું તે દલડું નાંખ્યું તોડી!
ભાલોડે ભરવીને હેંડ્યા તરફડતી શી ટિટોડી!

કેડ નદીની ઊભી ધોહથી ઊતરી હું તો ન્હાવા
શૉલે પગ બોળીને બેઠી બે ઘડી પોરો ખાવા
સામી ધોહે ખખડ્યું કૈં તે શિયાળ ભડકી દોડી!

થેપાડું ભાળ્યું મેં, કાલે આ શૉલે ધોયું ’તું
છાનું છાનું પાણીમાં એક મોઢુંયે જોયું ’તું
એક દનમાં કોણે જાણ્યું’તું પતાળ દેશે ફોડી!

બાબરિયાંમાં બાઝેલાં તે મને ગોખરુ વાગ્યાં
લાલ લાલ આંગળીએ આખી રાત ધકોડાં લાગ્યાં
હવે ભલાજી લાવો કંઈથી ઓસડ મૂળિયાં ગોડી –
ભલું તમારું તીર ભલાજી, ખરા તમે તાકોડી!

ભીનું સમયવન

સ્મરું ભીના ભીના સમયવનની એ ભીની ક્ષણો :
ગરે પર્ણોમાંથી ટપ ટપ ભીના વાદળકણો,
અને આખો મારો મઘમઘી ઊઠે કોષ મનનો;
હું ભીના રોમાંચે લથપથ, તમારા સ્મરણનો
શિરાઓમાં રક્તે પ્રસરી વહતો કેફ મયનો;
તમે મારું ભીનું સમયવન, મારી ભીની ક્ષણો.

મીચ્યાં નેણે જોઉં ક્ષિતિજતટ ખુલ્લે સઢ છૂટી
અજાણી કો નૌકા સરતી અનુકૂલ પ્રવહમાં
ભણી મારા, લાવે અહીં લગણ વાતા પવનમાં
ખજાના ખુશ્બૂના, પરિચિત કશી ગીતકડીઓ;
હવામાં આછેરો કળીય શકું ચ્હેરો પરિચિત,
અતીતે હેરેલું અમલ જલ-કન્યા તણું સ્મિત.

હવે સંકેલાતું સકલ મુજ અસ્તિત્વ મનમાં :
હું અર્ધો જીવું છું સ્મરણ મહીં, અર્ધો સપનમાં.

માણસ છે!

રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે!
હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે!

પહાડથી એ કઠ્ઠણ મક્કમ માણસ છે!
દડ દડ દડ દડ દડી પડે ભૈ, માણસ છે!

ચંદર ઉપર ચાલે ચપચપ, માણસ છે!
ને બે ડગલે ખડી પડે ભૈ, માણસ છે!

સૂર્યવંશીનો પ્રતાપ એનો, માણસ છે!
ભરબપ્પોરે ઢળી પડે ભૈ, માણસ છે!

પૂજાવા ઝટ થયા પાળિયા, માણસ છે!
ટાણે ખોટ્યું પડી, પડે ભૈ, માણસ છે!

*(બધાં કાવ્યો : 'ક્ષણોમાં જીવું છું', જયંત પાઠક, ૧૯૯૭;
અહીં 'વીસમી સદીની કાવ્યમુદ્રા'-માંથી)*

ફીલ થવું

અશ્વિની બાપટ

લિફ્ટ ચોથે માળે પહોંચી ત્યારે જ એણે ચંપલ કાઢી લીધાં. બહાર નીકળી પેસેજની ટેરેસવાળી દીવાલ પર ચંપલ ઝાટકી રેતી ખંખેરી લીધી. રહી સહી પગમાં ચોંટેલી રેતી પગલૂછણિયા પર પગ લૂછતાં કાઢી ને બેલ દબાવી. માએ તરત જ બારણું ખોલ્યું અને પૂછ્યું,

"કેવું રહ્યું?"

"એક મિનિટ મમ્મી, બાથરૂમ જઈ આવવા દે" કહીને હું બાથરૂમ ગઈ. હાથ પગ ધોઈ બહાર આવી ત્યારે ડાઇનિંગ ટેબલ પર માએ થાળીઓ પીરસી રાખી હતી. પનીરવાળું, શાક, સૂપ, પુલાવ...

"તો એને ઘેર લઈ આવવો'તોને?"

મા તો ઘેલી જ છે. હજી તો અમે પહેલી વાર મળ્યાં અને એણે તો અહીં પેલાના સ્વાગતની પૂરી તૈયારી કરી રાખી હતી. ઘરના દીદાર જ ફરી ગયા હતા. બધી ચીજો ઠેકાણે મુકાઈ ગઈ હતી. છાપાંનો ઢગલો, માના ગૂંથણકામનો સામાન કે હંમેશાં આડાં-અવળાં પડી રહેતાં એનાં પુસ્તકો બહાર કશે દેખાતાં ન હતાં. પડદા પણ વ્યવસ્થિત બંધ કરેલા. ઑફિસેથી આવ્યા પછી એણે આટલું બધું કામ કર્યું, ઉપરથી પનીરની સ્પેશિયલ વાનગી. હું કંઈ બોલી નહીં તો એણે સવાલ બદલીને પૂછ્યું,

"તને ફોન કરશે?"

"મમ્મા! બહુ એક્સાઇટ ન થા. હજી હું એને એટલો ઓળખતી પણ નથી."

"આટલી વોટ્સએપ પર ને ફોન પર વાત કરે છે તો મને લાગ્યું..."

"હા, પણ આમાં ઉતાવળ શા માટે?"

"તને ગમ્યો?"

"એનામાં ન ગમવા જેવું કશું જ નથી."

ખરેખર, એનામાં ન ગમવા જેવું કશું જ ન હતું. શિક્ષણ, દેખાવ, હાઈટ, નોકરી, રીત-ભાત અને અધૂરામાં પૂરું એ અમારી જ જ્ઞાતિનો. જોકે, હું અને મમ્મી જ્ઞાતિબાતિમાં માનતાં પણ ન હતાં, છતાં મમ્મીએ કહ્યું હતું, "આપણાં સગાં તો ખુશ થઈ જશે જો આ વાત બને તો..."

"તો હવે આગળ?" મમ્મીની ઉત્સુકતાથી મને અકળામણ થઈ. મેં કહ્યું, "જોઈએ..."

ત્યાં જ મારા મોબાઇલ પર એક મેસેજ એલર્ટ આવ્યો.

"એનો જ હશે... જો." મમ્મીએ ખુશ થઈને કહ્યું.

હા, એનો જ મેસેજ હતો. એને બસ મળી ગઈ હતી તેવો. જમવાનું પતાવી, હાથ ધોઈ હું વધેલું ખાવાનું કાઢવા માંડી. કેટલું બધું બનાવ્યું હતું! ફરી બે વાર મેસેજ એલર્ટ. મમ્મીને મેં ઠંડો જવાબ આપ્યો.

"ઠીક છે. વાંચું છું પછી."

મમ્મી મૂંઝાઈને રસોડામાં જતી રહી. શું જણાવું માને? એ મને મળ્યો. પહેલી વાર. અત્યાર સુધી ફોન અને મેસેજ દ્વારા જ એકબીજાને જાણતાં હતાં. સી.સી.ડી.માં કૉફી પીધી. બિલ મેં જ ભર્યું, આગ્રહથી. એણે બિરદાવ્યું.

"તું એક ટિપિકલ છોકરી જેવી નથી એ મને બહુ ગમ્યું. પણ હવે જ્યારે ફરી મળીશું ત્યારે હું જ બિલ ભરીશ."

પછી અમે છૂટ્ટાં પડ્યાં. સીધી ઘરે જવાને બદલે હું શિવાજી પાર્કથી પાકા રસ્તા પર દરિયાની દિશામાં ચાલવા માંડી. છેલ્લાં ચાર-પાંચ વર્ષથી, મારું ભણવાનું પતી ગયા પછી કામમાં એટલી વ્યસ્ત હતી કે હું આ રીતે એકલી દરિયે ગઈ ન હતી. રજાના દિવસોમાં મા ને હું મોલમાં જતાં, ખરીદી કરવા કે પિક્ચર જોવા. લગ્નની વાત હવે ખાળી શકાતી ન હતી. મારાં ફોઈએ આ છોકરાનો સંપર્ક કરાવ્યો હતો. સગપણ માટે વ્યવસ્થિત 'ઘર' બતાવ્યું હતું. મમ્મીએ અનેક યુક્તિઓ કરીને ફોન પર એની સાથે વાત કરવા મને પટાવી હતી. એની યુક્તિઓ મને સમજાઈ ન હતી એવું ન હતું, પણ હું માની ગઈ. મને પોતાને પણ એવું લાગતું હતું કે મારે પરણવું જોઈએ. અઠ્ઠાવીસ વર્ષની ઉંમર બરાબર કહેવાય. મારી બહેનપણીઓ, મિત્રો, કઝિન્સ એક પછી એક ઠેકાણે પડી ગયાં હતાં. કોઈ કોઈને તો બાળકો પણ હતાં.

મા સાથે ચર્ચા થતી. પ્રેમની, આકર્ષણની, લગ્નની. મને 'ગોઠવણ'માં બહુ ઠીક નહોતું લાગતું. પ્રેમની જરૂર તો હતી. એક વાર માએ કહ્યું, "લગ્ન એટલે નોકરી જેવું. આપણી અપોઇન્ટમેન્ટ થાય 'પત્ની'ની પોઝિશનમાં. કાયમી. એ રીતે જો સંસાર ચલાવીએ તો બધું જ સુગમતાથી ચાલે. જવાબદારી લેવી, સંતાન ઉછેરી જીવનનું ઋણ ઉતારવું..."

"હા, પણ આપણી પસંદગી તો હોય કે નહીં?" હું તો છેડાઈ જ ગઈ હતી. પ્રેક્ટિકલ થવાની પણ કોઈ હદ હોય! જોકે, મમ્મીનું આવું કહેવું મને જરા પણ એનું પોતાનું લાગ્યું ન હતું. એ આવું વિચારી જ ન શકે. માત્ર એનાં આવાં વાક્યોથી એના પર સામાજિક દબાણ એની જાણ બહાર કેટલી હદે અસર કરી રહ્યું છે તે મને સમજાયું હતું. એક સિંગલ પેરેન્ટ મારી મા બહુ કપરી પરિસ્થિતિઓમાંથી પસાર થઈ હતી.

શિવમ્‌ને મળી. પણ અંદરથી મને કશું ફીલ ન થયું. સી.સી.ડી.માં બેસેલાં બીજાં જુવાન છોકરી-છોકરાઓને જોઈ રહી હતી. હું આ બધું પાર કરી ચૂકી હતી. દરિયા તરફ ચાલતાં થોડું જાત પર હસવું આવ્યું. સોળમા વર્ષે થયું હતું એવું હવે ક્યાંથી ફીલ થવાનું! એ સોળમા વર્ષને સોળ વર્ષ વીતી ગયાં. દરિયો પૂરીને પાકા રસ્તા બનાવી દીધા છે. આવા પાકા રસ્તા પર થોડું ચાલીને આગળ વધીશ તો દરિયો મળશે.

શિવાજી પાર્કના મેઈન રોડથી હું દરિયા તરફની સાંકડી ગલીમાં ક્યારનીય પહોંચી ગઈ હતી. અને ભીની રેતી પર ચાલી રહી હતી. દરિયો ઘણો આઘે હતો. થયું, શિવમ્‌ને કદાચ હું હા જ પાડી દઈશ.

શિવમ્‌નો મેસેજ ખૂલવાની રાહ જોતો હતો.

ઇમેજિઝ છૂટથી વાપરેલા. દિલ, સ્મિત અને ચુંબન પણ. પછી "તારી સાથે જીવનના અંત સુધી રહેવાની મારી ઇચ્છા છે." વગેરે. અંતે મેં જવાબ આપ્યો : માત્ર સ્મિત.

હું લાઇન પર હતી એટલે એણે ચેટ આગળ ચલાવી.

"કાલે ક્યાં મળીએ?"

"ફોન કરું તને? ઑફિસથી જો વહેલી છટકી શકું તો ટાઉનમાં જ મળીએ."

"તો તો હું તને તાજમાં લઈ જઈશ."

આ "લઈ જવું" અથવા "તું ટિપિકલ નથી એટલે ગમી" એ જરા ખટકતું હતું. મને જજ કરતો હતો. હું મેસેજ ટાઇપ કરતી હતી ત્યાં જ મમ્મી અંદર આવી એટલે મેં એને કહ્યું.

"અમે કાલે ફરી મળીએ છીએ."

"પણ એનાં મમ્મી-પપ્પા સાથે મારે વાત કરવી જોઈએને?"

"હા, એ વાત પણ કરીશ."

"કોઈ ચિંતાની વાત નથી, પણ વડીલોને વચ્ચે રાખવાં."

બીજા દિવસે હું સારામાં સારો ડ્રેસ પહેલી ઑફિસ જવા નીકળી. મમ્મીએ કહ્યું, "જો તું એને ટાઉનમાં જ મળવાની હોય તો એને મળ્યા પછી મને ફોન કરજે એટલે ચર્ચગેટથી આપણે સાથે જ ઘરે જઈશું." મા એનો ઉત્સાહ દબાવીને, ગંભીર થવાની અસફળ કોશિશ સાથે વાત કરતી હતી. આખરે એની દીકરી પણ થાળે પડવાની હતી. બધું જ યોગ્ય દિશામાં જઈ રહ્યું હતું.

બપોરે લંચ-અવરમાં એનો ફોન આવ્યોઃ "શું નક્કી થયું? ક્યાં મળવાનું છે?"

મેં કહ્યું, "ચાર વાગે તાજ હોટેલમાં."

"ઓહો!" હવે મમ્મી પોતાનો આનંદ છુપાવી શકી નહીં.

"હું છ વાગે છૂટું છું. ચર્ચગેટ સ્ટેશન પર મને સાડાછએ મળો. પેલા સિલ્ક એમ્પોરિયમના સેલનો આજે છેલ્લો દિવસ છે તો ત્યાં જઈશું."

"ભલે—તને ફોન કરું છું."

માએ અત્યાર સુધીમાં એની બહેનપણીઓને કહી દીધું હશે. ફોઈને પણ એ બરાબર અપડેટ આપતી રહેતી.

ઑફિસના કામમાં મન ન લાગ્યું. આખરે હું કોઈની સાથે જોડાઈ જવાની હતી. શિવમ્‌ને એક વાર મેં મારા સંગીતની તાલીમ વિશે કહ્યું હતું – ચેટ કરતી વખતે. ત્યારે એણે લખ્યું હતું, "તારી રુચિ પ્રમાણે જે કરવું હોય તેની તને પૂરી છૂટ છે. અમને કશો વાંધો નથી. તારું બધું જ યથાવત્ રહેશે. માત્ર તારા પોતાના કહેવાય તેવા કેટલાકનો તારા જીવનમાં ઉમેરો થશે."

બધું એવું જ રહેવાનું? એવું શક્ય હોય છે ખરું? અને મેં કંઈ એની પરવાનગી લીધી હતી? પૂછ્યું હતું? મેં તો માત્ર રુચિ શેર કરી હતી. કદાચ હું વધુ પડતું તોલી-જોખી રહી હતી. બરાબર ન કહેવાય.

હું પોણાચારે ઑફિસેથી નીકળી ગઈ અને ચારના ટકોરે તાજ પહોંચી ગઈ.

ફિલ્મી સ્ટાઇલથી એણે પ્રપોઝ કર્યું. અને મેં હા પાડી દીધી. એ પછી મા, ફોઈ, એનાં મા-બાપ બધાં મળ્યાં. 'બેઠક' થઈ. વ્યવહારની વાતો થઈ. ચાર-પાંચ વાર બધા ભેગા થયા ત્યારે શિવમ્ સતત મારી સામે જોઈ રહેલો. આંખોથી વાતો કરતો. રાત્રે સૂતાં પહેલાં વોટ્સએપ પર ચુંબનોની વર્ષા. "આઇ કેન નોટ વેઇટ."

એનામાં ઝડપથી વધી રહેલો પ્રેમ જોઈને હું દંગ થઈ ગઈ. મને કશું જ કેમ થતું ન હતું? સગાઈની સાડી, વીંટી, હૉલ, આમંત્રણોનું લિસ્ટ... એ લોકોનાં પચાસ ને અમારાં ત્રીસેકની યાદી. બધું એટલું ઝડપથી થઈ રહ્યું હતું કે મારાથી હવે કશું જ બદલી શકાશે નહીં. મારા હાથબહાર જઈ રહ્યું હતું. મને ભાગી છૂટવાનું મન થતું હતું. કોઈકનાં લગ્ન નક્કી થાય ત્યારે કેવા ગુલાબી આનંદના દિવસો હોય! અને મને કશું જ ફીલ ન થાય? શી રીતે થાય પ્રેમ? આવી ગોઠવણોથી કઈ રીતે થાય? શિવમ્‌ને કઈ રીતે પ્રેમ થઈ ગયો? હું જ નોર્મલ નથી. પણ નથી તો નથી. મારાથી નહીં બને. આ બધું અટકાવવું પડશે. એક દિવસ મેં છેવટે સવારે ઊઠીને તરત જ મમ્મીને કહી દીધું.

"મમ્મી! મારે લગ્ન નથી કરવાં. હું તૈયાર નથી."

મમ્મીને માથે આભ તૂટી પડ્યું.

"આટઆટલી તૈયારીઓ..."

"તો શું? મારાથી નહીં થાય. તું એ લોકોને અત્યારે જ ફોન કરીને કહી દે." હું રડતી હતી. માનું દુઃખ મને દાઝતું હતું પણ મારી પાસે પણ કોઈ વિકલ્પ ન હતો.

મા બહાર સોફા પર જઈને બેસી પડી. રડતી જ હતી. થોડી વારમાં મોટેથી બોલી, "પણ તને વાંધો શું છે બેટા? તને શું એ ગમતો નથી?"

"એવું નથી મા." હું પણ બહારના રૂમમાં ગઈ અને એની સામેના સોફા પર જઈને બેઠી.

"તો?"

"હું એને પ્રેમ નથી કરતી."

"પ્રેમ... ગાંડી, પ્રેમ ધીમે ધીમે થાય. તું ધારે છે એવું કંઈ હોતું નથી." મને સમજાવતી રહી એ. હું એની સામે જોઈ રહી હતી.

આ સ્ત્રીને હું બરાબર ઓળખું છું. ચાહું છું. એની સાથે તંતોતંત જોડાયેલી છું. સતત અઠ્ઠાવીસ વર્ષથી. છતાં, ક્યારેક તાંતણા તૂટે છે. દરેક તાંતણો તૂટ્યા પછી એ તૂટવું લાંબા સમય સુધી તાજું રહે છે. જલદી રુઝાતું નથી. છિન્ન-ભિન્ન થઈ જવાય છે. 'એ મને સમજતી નથી' એવું અમને બેયને લાગતું હોય છે એકબીજા માટે. 'એનું કોઈ નથી' એવું પણ લાગતું હોય છે એકબીજા માટે. 'એક હું હતી તે પણ...' એવું બધું. એની વેદના મારી વેદના સાથે જોડાયેલી. જ્યારે જ્યારે આવું થતું ત્યારે અમે બન્ને વેદનાની ટીભ ભરતી, દુઃખમાં જંપલાવતી. માએ જ શીખવ્યું હતું. ભાગવાનું નહીં. વેદનાના ટાંકાથી ભાત પડતી અમારા સંબંધ પર, અમારી વચ્ચે વણાઈ રહેલા પોત પર. એકબીજાની વેદના પામીને એકબીજાથી વધુ નજીક આવતી. એ જ ટકતું. પસંદ-ના-પસંદ, મતભેદ, અપેક્ષાભંગ બધું જ ગૌણ. માત્ર પસાર થઈ જતું.

એ અને હું બેઉ ઑફિસ ગયાં નહીં. ચાર-પાંચ કલાકની માની સમજાવટ અને મારી દલીલોના અંતે માએ કહી દીધું.

"સારું થયું સગાઈ પહેલાં જ તેં કહી દીધું. તો એ લોકોને ફોન કરીને કહી દઉં?"

(નવનીત-સમર્પણ, મે ૨૦૧૭)

Design duo Uinverso creates “colourful folk art” through simply-formed ceramic characters

Selected works on visual arts by Priscila and Nadiuska Furtado | Brazil.

પ્રવાસ

ઉત્તર ઇટાલી

નંદિની જોશી

“

__નંદિની જોશી(૧૯૪૧-૧૯૯૮)__ અમેરિકાની હાર્વર્ડ યુનિ.માંથી અર્થશાસ્ત્રમાં એમ.એ.પીએચ.ડી. થયેલાં ને પછી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, અમદાવાદમાં અધ્યાપન કરેલું. ત્યાર બાદ છેલ્લે સુધી સેવા-સંસ્થા ‘ઉન્નતિ’માં કાર્યરત રહ્યાં. નંદિનીબહેન ઉમાશંકર જોશીનાં પુત્રી.

પહેલવહેલી અમેરિકા ગઈ ત્યારે બાપુજીએ કહ્યું હતું કે અમેરિકામાં ઊતરતાં પહેલાં યુરોપનો પરિચય કરવો અને તેમાંય પહેલાં રોમનો જેથી આધુનિક પાશ્ચાત્ય સમાજને એની ઐતિહાસિક પાર્શ્વભૂમિકામાં સમજી શકાય.

યુનોની ઑફિસમાં કામ માટે ફરીથી જીનીવા રહેવાનું થયું ત્યારે થોડા દિવસ કામ છોડીને પણ ઇટાલી ફરી આવવાનું મન થયું. આ વખતે ઉત્તર ઇટાલીમાં ફરવું હતું.

કહેવાય ખાલી ઉત્તર ઇટાલી, પણ પૃથ્વીના એટલા નાનકડા ભાગમાં મશહૂર શહેરોની રમઝટ છે : ફ્લોરેન્સ, વેનિસ, વેરોના, પીસા, મિલાનો, સીએના અને આસિસી અને એવાં બીજાં કેટલાંક કે જ્યાં જઈ ન શકાયું એ તો જુદાં.

ફ્લોરેન્સને શહેર કહીશું કે કલાનો ખજાનો? સૈકાઓથી જગતની કેટલીક શ્રેષ્ઠ અને અજોડ કલાકૃતિઓ આ શહેરને વિભૂષિત કરી રહી છે. માણસે અહીં જાણે સમયને જીતી લીધો છે, અથવા કહો કે પકડી રાખ્યો છે.

ફ્લોરેન્સમાં ચાલીસેક મ્યુઝિયમો, ડઝનેક ભવ્ય ચર્ચો અને અસંખ્ય કલાધામો છે. માઇકેલેન્જલો, લીઓનાર્દો દ વીન્ચી અને રફાયેલો જેવા મહાન કલાકારોની પ્રતિભા અહીં વિરાજે છે. અને આપણી સંવેદનાને સમય-સ્થળનાં બંધનોથી પાર લઈ જઈને ખીલવે છે, સમૃદ્ધ કરે છે.

ફ્લોરેન્સના મુખ્ય દેવળમાં પ્રવેશતાં જ સામે છે માઈકેલેન્જેલોનું જગપ્રસિદ્ધ શિલ્પ ‘કરુણા’ (લા પીએતા). ઈસુ ખ્રિસ્ત જ્યારે બેભાન દશામાં ઢળી પડે છે ત્યારે એમને ટેકો આપીને પકડી રાખનાર એક બાજુ છે એમની માતા, પાછળ એક શિષ્ય અને બીજી બાજુ છે નગરની કહેવાતી નીચ સ્ત્રી. એટલું જ નહીં બેભાન અવસ્થામાં પણ ઈસુનો હાથ નીચ સ્ત્રીની પીઠ પર કરુણા વરસાવતો પડ્યો છે. માઈકેલેન્જેલોની કૃતિઓમાં એક ભવ્ય દર્શન છે, ઈશ્વરના સંદર્ભમાં.

થોડે જ દૂર એકેડેમી ગૅલેરીમાં માઈકેલેન્જેલોનું બીજું ભવ્ય શિલ્પ છે ‘ડેવિડ’. માનવમુક્તિ પોતાના ભાગ્યની પોતે જ વિધાતા છે એ ‘રેનેસાં’ના આદર્શને મૂર્તિમંત કરતું આ શિલ્પ પ્રેરણાનો સ્રોત છે. માત્ર એક માણસના શિલ્પમાં આખા વિશ્વસમાજના ઉચ્ચતમ આદર્શો– મુક્તિ અને પ્રગતિ –ને સ્થાપવાનો અને એ માણસનો હાથ છટાથી ખભે મૂકેલો બતાવીને આ ઊંચા

આદર્શોને સિદ્ધ કરવાનું બળ પણ માણસના હાથમાં જ છે એમ બતાવવાનો પ્રચંડ પુરુષાર્થ અહીં થયો હોય એમ લાગે છે.

બાજુમાં મેડીસી ચૅપલ છે જે ૧૫મી અને ૧૬મી સદીના ફ્લોરેન્સની જાહોજલાલીનો ખ્યાલ આપે છે. આ ભભકદાર અને કલાસમૃદ્ધ ઇમારતમાં પણ સ્તબ્ધ કરીને રોકી તો રાખે છે માઈકેલેન્જેલોનાં શિલ્પ. એક વિશાળ કમરામાં ડાબી બાજુએ છે ઉર્બીનોના ડ્યુકનું શિલ્પ, પ્રભાત અને સંધ્યાની માનવ-આકૃતિઓની વચ્ચે. એ આકૃતિઓમાંથી પ્રભાતની તાજગી અને સંધ્યાની ચરિતાર્થતા છલકાય છે. જમણી બાજુએ છે નેમુર્સના ડ્યુકનું શિલ્પ, દિવસ અને રાત્રિની માનવ-આકૃતિઓની વચ્ચે. એ આકૃતિઓમાંથી દિવસની જાગૃતિ અને રાત્રિની શાંતિ સ્ફૂરે છે. સમયની અવરિત ગતિનાં પ્રતીકરૂપ પ્રભાત–સંધ્યા–દિવસ–રાત્રિ એ ચાર શિલ્પો હર સમયની મહાન કલાકૃતિઓ છે. વળી ખૂબી એ છે કે રાત્રિના શિલ્પનો આરસ લગભગ સફેદ છે, દિવસના શિલ્પનો આરસ લગભગ કાળો છે. દિવસ અને સંધ્યાની પ્રતિમાઓ પુરુષરૂપે છે, રાત્રિ અને પ્રભાતની પ્રતિમાઓ સ્ત્રીરૂપે છે. જ્યારે બે ડ્યુકોની પ્રતિમાઓ એમને પોતાને મળતી નથી આવતી. એ વિશે ફ્લોરેન્સના લોકોએ જવાબ આપતાં માઈકેલેન્જેલોએ ખુમારીથી કહ્યું હતું કે હજારો વરસ પછી કોઈ એ જાણવાનું નથી કે મેડીસી રાજાઓના ચહેરા કેવા હતા. એને તો કલા દ્વારા સનાતન સત્યો કંડારવાં હતાં.

બીજાં અજોડ શિલ્પો છે ફ્લોરેન્સના ચોકની એક બાજુએ આવેલા 'લોગીઆ ડેલા સિનોરીઆ'માં, ૧૨મી સદીમાં કંડારેલાં, ગોથિક શૈલીનાં. એ સાત શિલ્પો આકાર આપે છે ક્ષમાને, ધૃતિને, ન્યાયને, વિવેકને, શ્રદ્ધાને, આશાને અને ઉદારતાને. જોકે આ તો એમનાં નામ છે પણ દરેકમાં આ ભાવનાઓ વ્યક્ત થઈ છે હિંસા, બળજબરી, ક્રૂરતા દ્વારા!

ફ્લોરેન્સનું મુખ્ય આકર્ષણ એની 'યુઝીફી ગૅલેરી', દુનિયાનું એક સુપ્રસિદ્ધ મ્યુઝિયમ, સમય અને શૈલીને અનુલક્ષિત જુદા જુદા ૪૫ વિભાગોમાં વહેંચાયેલી આ પ્રચંડ ઇમારતમાં બેનમૂન કલાની અસંખ્ય કૃતિઓ સંગ્રહાયેલી છે. કેટલીય કૃતિઓની આગળથી ખસવાનું મન ન થાય. એની કલા આપણને એટલી મહાત કરી દે કે આગળ જવા પગ ઊપડે જ નહીં. જેમ કે રફાયેલોનું માતા મેરીનું ચિત્ર, તેમ જ ફિલીપો લિપ્પીનું પણ માતા મેરીનું ચિત્ર. બંને ચિત્રોમાં મેરીના ચહેરા પર એનો આત્મા તરી આવ્યો છે. એ ચહેરામાં રફાયેલોએ દિવ્યતાનો અને લિપ્પીએ ભવ્યતાનો જાણે રંગ પૂર્યો છે. સાન્દ્રો બોતીચેલીનાં 'વિનસનો જન્મ' તેમ જ 'વસંતનું રૂપક' જોનારને અવાક કરી દે છે. એમને ચિત્રો કરતાં કાવ્યો કહેવાનું મન થાય છે. એ ચિત્રોના જુદા જુદા નાના અંશો પોતે પણ મહાન કલાકૃતિઓ જેવા લેખાય છે. એમનામાંની દરેક વિગત પણ જીવંત છે અને સમૃદ્ધ છે. યુવતીઓના વાળ, વસ્ત્રો પરની કરચલીઓ, આંખોના ભાવ, ચહેરાની કુમાશ, બધું જીવતુંજાગતું છે. દરેકની ઊભા રહેવાની અદા લાક્ષણિક અને મોહક છે. પણ આ બધી વિગતો મળીને જે આખું ચિત્ર બને છે એ તો એક કાવ્ય છે. બોતીચેલીની કલા વિગતોમાં તો છે જ પણ ચિત્રની સમગ્ર સંરચનામાં અને રજૂઆતમાં તો એ પૂર્ણપણે ઊઘડે છે.

હજુ તો આપણે એકાદ-બે મ્યુઝિયમની એકાદ-બે કલાકૃતિઓની જ વાત કરી. ટૂંકમાં, ફ્લોરેન્સમાં આવાં અનેક મ્યુઝિયમો છે અને તેમાં અસંખ્ય કલાકૃતિઓ છે. રસ્તાનાં સામાન્ય મકાનોની દીવાલોની બહારની બાજુએ પણ સુંદર ઊંચા ગોખલા કોતરી શિલ્પો મૂકેલાં હોય. મુખ્ય ચર્ચની સામેના મકાન 'બેપ્ટીસ્ટ્રી'નો ખાલી મુખ્ય દરવાજો જ જોઈએ તો પણ કૃતાર્થતા લાગે. દરવાજાના દસ ભાગ પાડી તેમાં આદમ-ઈવના સર્જનથી માંડીને દેવળમાં રાણીના આવકાર સુધીના પ્રસંગો કોતરેલા છે. અને આખાનો રંગ છે ઝગમગતો સોનેરી. કલાકાર ગીબર્તીએ પચાસ વર્ષ સુધી

કરેલા અને બીજા અનેકે પોતાની કલા ઉમેરેલા આ દરવાજાને માઈકેલેન્જેલોએ નામ આપ્યું છે ‘સ્વર્ગનો દરવાજો.’

ફ્લોરેન્સની કલાકૃતિઓ કોઈ ધરાઈને જોઈ પણ શકતા નથી તો એનું પૂરું વર્ણન તો ક્યાંથી થાય? દાખલા તરીકે ડ્યુમોઓ (દેવળ)ના ઓપેરા મ્યુઝિયમનાં ફિલસૂફ, ભિખારી અને રમતાં બાળકોનાં શિલ્પોની તો આપણે વાત પણ નથી કરી. અનેક અપ્રતિમ કલાકારોનાં તો નામોનો પણ ઉલ્લેખ નથી કર્યો. એટલે ગુજરાતીમાં આપણે કાગળમાં કહીએ છીએ ‘થોડું લખ્યું ઘણું કરી વાંચજો’ તેમ કહેવું પડે.

એક મ્યુઝિયમમાં મને અમેરિકન યુવાનોની એક ટોળી મળી હતી એ ઉપરથી જાણ્યું કે અમેરિકાની કેટલીક કૉલેજોમાં ફ્લોરેન્સમાં અમુક સમય ગાળવાનું અભ્યાસક્રમના ભાગરૂપે હોય છે.

આટલી કલાસમૃદ્ધિ ની સાથે, અથવા કહો કે સામે, ફ્લોરેન્સના લોકોની બીજી પણ વિશિષ્ટતા છે. દુનિયામાં સૌથી પહેલાં ચોપડામેળ અહીં શરૂ થયો હતો એમ કહેવાય છે. અદ્યતન બૅંકિંગના કેટલાક મુખ્ય સિદ્ધાંતોનાં મૂળ પણ અહીં રોપાયાં હતાં.

હું ફ્લોરેન્સ ગઈ હતી ઇસ્ટરની રજાઓમાં. અને ઇસ્ટરને દિવસે ત્યાં દેવળની સામે ખાસ ઉત્સવ થાય છે, પરંપરાગત પહેરવેશમાં. એક નાની વિગત લઈએ તો પહેલાંના જમાનામાં રાજાના નીચલા વર્ગના કામદારો બે પગમાં બે જુદા રંગોવાળું સરવાલ જેવું વસ્ત્ર પહેરતા તે જ પ્રમાણે એ દિવસે વેશ પહેરવામાં આવ્યો હતો. આ ઉત્સવે ત્યાંના ઇતિહાસને વધુ જીવતો બનાવ્યો.

જોકે ઇસ્ટરનો ઉત્સવ ખાસ તો સીએના અને આસિસી શહેરોમાં વધારે ધર્મભાવનાથી ઊજવાય છે. રોમન પ્રજાના ભૂતકાળની ભવ્યતાની સાક્ષી પૂરતાં એ શહેરો પણ માત્ર એમની કલાસમૃદ્ધિ માટે જ નહીં પણ સાથે સમગ્ર નગરરચના માટે પણ ઘણાં પ્રસિદ્ધ છે. પરંતુ હું ફ્લોરેન્સમાં જ એટલી ગળાડૂબ હતી કે બીજે જવાનો વિચાર જ નહોતો આવ્યો.

ફ્લોરેન્સથી આવીએ વેનિસ. વેનિસ એક સ્વપ્નસૃષ્ટિ છે. જો કૅમેરા લઈને જઈએ તો આખો વખત ફોટો જ લીધા કરવાનું મન થાય.

વેનિસ દુનિયાને ખૂણેખૂણેથી લોકોને આકર્ષે છે તે એનાં કળા, ઇતિહાસ કે કુદરતી સૌંદર્યને કારણે નહીં, પણ એ માણસના અસ્તિત્વને એક જુદો જ ઓપ આપે છે તેને કારણે. વેનિસની ભૂરકી – રહસ્ય, રોમાન્સ અને છલના – એને યુરોપનું ખાસ દિલચસ્પ શહેર બનાવે છે.

વેનિસને ‘તરતું શહેર’ કહે છે. અહીં રસ્તાઓ જ નથી. રસ્તાઓને બદલે નહેરો છે. એટલે કે નહેરો જ રસ્તાઓ છે. આખો વાહનવ્યવહાર હોડીઓમાં છે. અહીં ‘ટૅક્સી’ એટલે ઝડપથી ચાલતી હોડી. સ્ટેશનની બહાર આવી તો મોટરો, બસો કશું ન દેખાય. પૂછ્યું તો કહે કે આ સામે નહેર છે તેમાં થોડીવારમાં કોઈ હોડી આવશે અને તમને જ્યાં જવું હોય ત્યાં લઈ જશે. અને અહીં જ આ ‘હોડી સ્ટેન્ડ’ છે. આપણા રસ્તાઓની જેમ ત્યાં નહેરો એકબીજાને કાટખૂણે ક્રોસ થાય અને આવી ‘ચાર નહેરો’ આગળ ક્યાંક એમની ઉપરના પુલો પણ ક્રોસ થાય. નહેરોની બંને બાજુએ અડોઅડ સુંદર મકાનો. બધાં સરખાં ત્રણ માળનાં. અને કલાકારીગરીની દુકાનો, ખાસ તો વેનિશિયન કાચ અને ઇટાલિઅન ચામડાંની વસ્તુઓની. ચાલતાં ફરીએ તો થોડાં મકાનોના

લંબચોરસ ટાપુ ઉપર, પછી નહેર પરના પુલ ઉપર થઈને બીજા ટાપુ ઉપર એમ પુલ અને ટાપુની અંદરની નાની ગલીઓમાં થઈને ચાલ્યા કરવાનું. પણ આ નાના ટાપુઓ ઉપરની ગલીઓ સમાંતરે તેમ જ કાટખૂણે ખરી છતાં એકબીજાને ક્રોસ થતી નહીં. એટલે એકદમ ભુલભુલામણીવાળી. એક પણ ગલી જાણે બે મિનિટ સુધી તો સીધી જાય જ નહીં. વેનિસમાં તમે ખોવાયા વગર રહી જ ન શકો. પણ આ ગલીઓમાં ખોવાવું એમાં તો વેનિસ ગયાની એક મજા છે.

અહીંનાં મુખ્ય સ્થળ સાન માર્કોના ચોકમાં છે મોટું ચર્ચ, આલેશાન મહેલ, ટાવર અને ૧૧મી સદીમાં શિલ્પમાં મઢેલા મોટા કૂદતા ઘોડાઓ. ચર્ચ અને મહેલ કલાના નમૂનાઓથી સમૃદ્ધ છે, ખાસ કરીને મોઝેઈક (કપચીથી કરેલાં ચિત્રો) અને ટેપેસ્ટ્રી (જાજમોમાં વણેલાં ચિત્રો) અહીંની વિશિષ્ટતા લાગી. આ વિશાળ ચોકમાં ચણ ચણતાં સેંકડો સફેદ કબૂતરો અને વેનિસની વિશિષ્ટ સ્ટ્રીટલાઇટો જોતાંની સાથે યાદ આવ્યું કે ‘ડેથ ઇન વેનિસ’ (જે ફિલ્મ વેનિસમાં કદી બતાવાતી નથી)ના ચિત્રમાં જે બતાવે છે તે આ જ લેમ્પ સ્ટૅન્ડ અને આવાં જ કબૂતર. (વિક્ટર હ્યુગોએ ભલે બ્રસેલ્સનો ચોક વખાણ્યો, સ્વાતિ કહે છે શ્રેષ્ઠ ચોક તો વેનિસનો.)

પાછા વળતાં એક ડક્કા આગળ ઊતરીએ તો મોટા મહેલ જેવા મકાનમાં લિયોનાર્દો દ વીન્ચીની કૃતિઓ મુકાયેલી જોવા મળે. ખાસ તો એમણે કરેલા અનેક સ્કેચ સચવાયા છે તે સંભાળપૂર્વક અહીં મૂકવામાં આવ્યા છે.

વેનિસથી દસ-બાર કિલોમીટર દૂર આવેલા, ૬ઠ્ઠી-૭મી સદીમાં વસેલા ટાપુઓ મુરાનો અને ટોર્સેલોની સફરે પણ હું જઈ આવી. એક જમાનામાં વેનિસ અને આ અને આવા બીજા ટાપુઓ વેપારઉદ્યોગથી ધમધમતા હતા, છેક ચીન જાવા સુધી એમનો વેપાર હતો. એમનાં વહાણો કિંમતી ચીજો લઈ જતાં–લાવતાં. (શેક્સપિયરનું ‘મર્ચન્ટ ઑફ વેનિસ’ એને જ કારણે ને?) આજે એમાંના કેટલાક ટાપુઓ તો આખા જ દરિયામાં ડૂબી ગયા છે. આ જ કારણે હવે બાકી રહેલા ટાપુઓ ઉપર કોઈ જ ઉદ્યોગો, તોતિંગ મશીનરીઓ નથી. રસ્તા અને બસો-વાહનો પણ આ કારણે નથી. કોઈ મોટર લઈને જાય તો સામાન્ય રીતે મોટર વેનિસની બહાર મૂકીને અંદર આવવું પડે.

અત્યારના વખતમાં કહેવાય છે કે વેનિસ પણ ધીમે ધીમે દરિયામાં ડૂબી રહ્યું છે. પછી તો વેનિસ ખરેખર સ્વપ્નું જ બની જશે.

દુનિયાના અસામાન્ય નમૂનાના નાશની વાતનો પહેલો અનુભવ ઇટાલીમાં થયો હતો પીસામાં. ‘ટાવર ઑફ પીસા’ જોઈને એમ જ લાગે કે આટલો બધો ઢળતો છે તો પડી તો નહીં જાય. પણ ખરેખર કહેવાય છે કે જગતની આ અજાયબી જમીન તરફ ધીમે ધીમે વધુ ને વધુ ઢળી રહી છે અને કેટલાંક વર્ષો પછી પડી જશે.

ડૂબતા જતા વેનિસને કે ઢળતા જતા પીસાના મિનારાને બચાવી લેવાના કોઈ ઉપાય હજુ સુધી જડ્યા નથી. પણ એનો અર્થ એ નથી કે માનવસામર્થ્ય આ સમસ્યાઓને પહોંચી નહીં વળે.

પીસામાં નવાઈ એ લાગી કે અનેક લોકોને પૂછવા છતાં કોઈ ગેલીલિયોનું જન્મસ્થળ

બતાવી ન શક્યું. આ મહાન વૈજ્ઞાનિક અહીં જન્મ્યા હતા એટલું જ નહીં, અહીં જ એમણે ભણાવ્યું હતું અને વિજ્ઞાનના કેટલાક મૂળભૂત સિદ્ધાંતોની શોધ કરી હતી.

ઇટાલીની ઉત્તરે પીસા પશ્ચિમ છેડેનું ગામ. તો વેનિસ થોડે વધુ ઉત્તરે પૂર્વ છેડેનું ગામ. વેનિસથી પશ્ચિમ તરફ આવીએ તો પહેલું આવે વેરોના.

વેરોના એટલે રોમિયો અને જુલિયટનું વતન. ત્યાં એક મકાનમાં એક સુંદર ઝરૂખો છે; અને કહે છે કે એ જ જુલિયટનો ઝરૂખો. હું તે જોતી હતી ત્યાં ત્યાંના એક માણસ કહે, લાવો હું તમારો ફોટો પાડું. કેમ? અહીં ફરવા આવનાર બધી જ છોકરીઓ આ ઝરૂખામાં ઊભી રહીને પોતાનો ફોટો પડાવે છે.

વેરોનામાં હંમેશાં કોઈ ને કોઈ થીએટરમાં તો રોમિયો અને જુલિયેટની ફિલ્મ ચાલતી જ હોય છે.

વેરોના છે પણ ઘણું રળિયામણું. એનું સેટિંગ જ રોમેન્ટિક છે. સામે નાનકડી પણ લાંબી ઊંચીનીચી ટેકરી છે. તેની આગળ થઈને કિલ્લોલતી એક નદી વહે છે, લગભગ ઝરણા જેવી. મકાનો પણ ઊંચાં સિગારેટનાં ખોખાં જેવાં નથી. આકાશ ખુલ્લું છે. સૂરજના રંગોથી રંગીન છે. ઘરો પણ અહીં ગુલાબી છે. સુંદર રસ્તાઓ છે. રસ્તાઓ પર ધમધમતો ટ્રાફિક નથી. ઘટાદાર વૃક્ષો છે. પંખીઓનો કલરવ છે. નાના નાના બગીચાઓ છે. ફૂલો ઉપર પતંગિયાં છે. આજે વચ્ચે વચ્ચે વરસાદ પણ ઝરમર ઝરમર વરસે છે. રોમિયો-જુલિયેટ અહીં ધારો કે ન પણ રહ્યાં હોત તોપણ કોઈ કહેત કે એ અહીં રહેતાં હતાં તો સાચું લાગત.

વેરોનામાં પ્રાચીન ઇમારતોના અવશેષો છે. અહીંના પીઆઝામાં વિશિષ્ટતા એ લાગી કે ત્રણેક માળનાં મકાનોમાં નીચેથી છત સુધી જે આઠ-દસ થાંભલા જતા હોય તે દરેકની ઉપર એક પૂતળું ઊભું હોય. કહેવાય છે કે આ પૂતળાં વેરોનાના મધ્યકાલીન યુગના ક્રૂર ઘાતકીઓનાં છે. જોકે એ એટલાં ઊંચે છે કે એમના વ્યક્તિત્વને માપી શકાતું નથી. એ ઘાતકીઓનાં નામ કૂતરાઓ ઉપરથી પાડવામાં આવતાં, જેમકે 'મોટો કૂતરો', 'મુખ્ય કૂતરો' વગેરે.

વેરોનાનું મુખ્ય આકર્ષણ છે એનો દર ઉનાળામાં ભરાતો સંગીતનો જલસો. એનું સ્થળ છે ગોળાકાર 'રોમન એરીના', જેમાં ૨૨૦૦૦ બેઠકો છે. જોકે બેસવા માટે તકિયો ઘેરથી લઈ જવો જોઈએ. ટિકિટ મોંઘી, પણ કાર્યક્રમની રજૂઆત ઘણી કલ્પનાસભર. શરૂઆત પારંપારિક ઢબે મીણબત્તીઓના પ્રકાશમાં થતી હોય છે, જે અવિસ્મરણીય ગણાય છે. હું ગઈ ત્યારે તો એનો સમય નહોતો. પણ ઑગસ્ટમાં અમારા નિવાસમાં રહેતી એક બહેનપણી ખાસ આ જલસા માટે વેરોના ગઈ હતી.

વેરોનાથી આગળ પશ્ચિમ તરફ વધીશું એટલે આવશે મિલાનો.

કહેવત છે કે રોમના દરેક દેવળની ગણતરીમાં મિલાનોમાં એક બૅન્ક છે. ઉજવણીઓ અને ધામધૂમ થાય છે રોમમાં, પણ ઇટાલીની ખરી સત્તા છે મિલાનોમાં.

જોકે આવાં કારણોને લીધે કોઈ એમ પણ માની લે છે કે મિલાનોમાં કલાને નામે મીંડું હશે. અહીં મુસાફરો પણ ખરેખર ઓછા આવે છે.

પરંતુ મિલાનોની કલાકૃતિઓ સંખ્યામાં ભલે ઓછી છતાં ગુણવત્તામાં રોમ અને ફ્લોરેન્સની કલાકૃતિઓની લગભગ ટક્કર લઈ શકે એવી છે. લીઓનાર્દો દ વીન્ચીનાં સૌથી વધારે ચિત્રો મિલાનોમાં છે. એમની પ્રસિદ્ધ કૃતિ 'છેલ્લું ભોજન' માટે તો મિલાનો જ આવવું પડે.

સ્ટેશને ઊતરતાં જ માહિતી-ઑફિસરે કહ્યું કે તમારે લિઓનાર્દોનું 'છેલ્લું ભોજન' (લાસ્ટ સપર) જોવું હોય તો જલ્દી જાઓ, એ વહેલું બંધ થઈ જાય છે. એટલે સીધી ત્યાં પહોંચી ગઈ.

ઈસુ ભગવાનને ક્રૉસ પર ચડાવ્યા તે પહેલાંના તેમના છેલ્લા ભોજન વિશેના લિઓનાર્દોના આ ચિત્રથી 'ઉચ્ચ રેનેસાં'નો પ્રારંભ થયાનું માનવમાં આવે છે. ઈસુની સાથે ટેબલ પર એમના બાર એપોસલ છે. ઈસુ સ્થિર છે, જ્યારે એ બારે ગતિશીલ હાવભાવમાં ખોવાયેલા છે. ઈસુ મધ્યમાં છે. એમની બન્ને બાજુએ છછ એપોસલ એવી રીતે આલેખ્યા છે કે એ સંતુલનમાંથી એક સુમેળ નીકળે છે.

ત્યાંથી ભૂગર્ભ ટ્રેઇનમાં મિલાનોના પ્રસિદ્ધ ચર્ચ ડ્યુઓમો આગળ અવાય છે. દુનિયાનું એ સૌથી મોટું ચર્ચ ગણાય છે. હું ભૂગર્ભ સ્ટેશનમાંથી ચડીને ઉપર સડક પર બહાર આવી એટલે કે કેમ પણ સામે જ, ઢંકાયેલા સૂરજના સાંજના ઢળતા પ્રકાશમાં ચળકતા એ વિશાળ ચર્ચને જોઈને ઘડીભર થંભી ગઈ. આ શું સફેદીનો આકાશને આંબતો ઢગલો છે? ચાંદનીનો ગચ્ચો છે? શ્વેત-રૂપેરી ફીણનો ફુવારો છે? એનાં અણીદાર શિખરો ઉપર ઊંચે ક્યાં નિશાન તાકે છે? ધીમે ધીમે તો ચર્ચ આપણી ચેતના ઉપર છવાઈ જાય છે. હવે ભગવાનનાં દર્શન કરવા અંદર જવાની પણ જાણે જરૂર ન લાગે. બને તેટલો બધો વખત ત્યાં જ ગાળ્યો.

ચર્ચની બાજુમાંની એક ગલીમાં ઇટાલીની કેટલીક પ્રખ્યાત દુકાનો આવેલી છે. આ આખી પહોળી વિશાળ ગલીને સામસામાં મકાનો ઉપર, સળિયા અને કાચથી, ગોળ છત કરીને ઉપરથી બંધ કરી દીધી છે. ગલી એક પ્રકાશિત શોપિંગ સેન્ટર – બજાર બની જાય છે, અને છતની એ રચના પોતે પણ આકર્ષક દેખાય છે.

મિલાનો એના ઓપેરા થીએટર 'લા સ્કાલા' માટે પણ મશહૂર છે. ત્યાં ટિકિટ મેળવવાનો પ્રયત્ન કર્યો, પણ બધી જ વેચાઈ ગઈ હતી. બહારથી પણ લા સ્કાલા સ્થાપત્યકલાના નમૂનારૂપ છે, એટલું જોઈને જ સંતોષ માનવો રહ્યો.

મિલાનોથી જીનીવા પાછા ફરતાં રસ્તામાં દક્ષિણ સ્વીટ્ઝરલૅન્ડનાં સૌંદર્યધામો લુગાનો, લુકાર્નો અને ઝરમાત ગઈ. અહીં સૃષ્ટિસૌંદર્ય અઢળક, પણ લોકોના સંસ્કાર જુદા જ. દાખલા તરીકે દક્ષિણ આલ્પ્સનાં હિમશિખરોમાં આવેલું ઝરમાત એની પાસેના તેર હજાર ફૂટની ઊંચાઈએ આવેલા શિખર મેતહૉર્ન માટે પ્રખ્યાત છે. પરોઢિયે ઊગતા સૂરજના તેજથી લાલગુલાબી રંગમાં ઝબકોળાયેલું આ શિખર સૌંદર્યની પરાકાષ્ઠા જેવું છે. ઝરમાતમાં કાર્ડ્સ, ચોપાનિયાં, પુસ્તકો, સંભારણાં માટે લઈ જવાની વસ્તુઓની બધાંની જ ઉપર આ ગુલાબી શિખરની છબી હોય. એક બહેનપણીએ ખાસ એવું કાર્ડ મંગાવ્યું હતું.

પરતું હું ત્યાં હતી ત્યારે ઘણાં લોકો સ્કીઇંગ માટે અને રજાઓ ગાળવા માટે આવ્યાં હતાં. હોટલો ચિક્કાર હતી, છતાં જેટલાની સાથે મારે ઓળખાણ થઈ તેમને જ્યારે મેં પૂછ્યું કે કાલે સવારે પાંચ વાગ્યે સૂરજનાં પહેલાં કિરણો વખતે ગુલાબી રંગનું મેતહૉર્ન જોવા આવવું છે ત્યારે એક પણ જણે

તૈયારી ન બતાવી! અને ખરેખર સવારે હું એ જોવા નીકળી ત્યારે રસ્તે બીજા કોઈ જ મારી જેમ નીકળ્યા ન હતા. પરંતુ મને તો આલ્પ્સનું આ તાજગીભર્યું તેજસ્વી ગુલાબી દર્શન ચેતનાને ખૂબ સમૃદ્ધ કરનાર લાગ્યું.

આમ ઇસ્ટરની રજાઓની મુસાફરી ખૂબ જ સરસ થઈ. ફ્લોરેન્સ, પીસા, વેનિસ, વેરોના, મિલાનો, લુગાનો, ગોનસ્ટેન, એન્ડરમાટ-ગ્લૅમ્સ્ટૉક, લોકાર્નો, બીસાગ્રો અને ઝરમાત – કલાની ટોચેથી કુદરતની ટોચે, અને માઈકેલેન્જેલથી માંડી ગૅલીલિયોથી રોમીઓ-જુલિયેટ સુધી, વેનિસના વેપારીઓના ઇતિહાસથી સ્વીસ ઘડિયાળ અને સોનાના સેન્ટરરૂપ લુગાનો સુધી, સરોવરથી હિમશિખર, ટ્યુલિપ્સથી પામ-ટ્રીઝના સૃષ્ટિસૌંદર્ય સુધી, – એ ઉપરથી અહીં થોડા દિવસના પ્રવાસમાં કેટલા અને કેવા અનુભવો થાય એની કલ્પના જ થાય એમ નથી. દાખલા તરીકે, બીસાગ્રો એ સરોવરની વચ્ચે એક ટાપુ છે. બોટમાં એક કલાકમાં જવાય. આખો ટાપુ એક બગીચો છે. આંખ મીંચી ધીમે ધીમે ખોલો તો પહેલાં ફૂલો, પછી સરોવર, પછી મકાનો અને રસ્તાના એક ઉપર એક માળ, પછી પર્વત અને ઉપર હિમશિખર...

જીનીવા પાછી ફર્યા પછી પાછલા દસ દિવસો યાદ કર્યા કરું. કેટલું બધું બની ગયું હતું એ દસ દિવસોમાં! મારું પોતાનું સ્વરૂપ પણ જાણે બદલાઈ ગયું હતું. આ દસ દિવસોમાં મારામાં કેટલું ઉમેરાયું હતું!

જો આટલા ટૂંકા સમયમાં યુરોપના આટલા નાના પ્રદેશનો પ્રવાસ મને આટલું બધું આપી ગયો, તો આખા યુરોપ પાસે તો કેટલું બધું પડેલું છે? એક વિચાર ઝબક્યો. બાપુજી અને સ્વાતિને લાંબો કાગળ લખીને બની તેટલી દલીલો કરી કે આપણે યુરોપમાં ફરીએ એ બંનેને ના પાડવાની તક જ ના મળે તે માટે બે ટિકિટો લઈને અમદાવાદ મોકલી જ દીધી. અને એક સદ્ભાગી સવારે જીવીના ઍરપોર્ટ પર હું એમને આવકારતી હતી. અમારા મનના ઘોડા હવે યુરોપની ધરતીને ખૂંદવા થનગનવા માંડ્યા હતા.

('યુરોપયાત્રા', ૧૯૮૫)

વિદ્રોહ

સુરેશ હ૰ જોષી

ગુજરાતી સાહિત્યમાં આધુનિક યુગના પ્રવર્તક **સુરેશ હરિપ્રસાદ જોશી(૩૦-૫-૧૯૨૧ – ૬-૯-૧૯૮૬)** *આપણા પ્રથિતયશ સાહિત્યકાર. કવિતા, વાર્તા, નિબંધ, નવલકથા,એમ બધે એમની ઉત્કૃષ્ટ સર્જક-પ્રતિભા પ્રસરતી રહેલી. વિવેચક સુરેશ જોશી સૌથી વધુ પ્રભાવક. વિશ્વભરના સાહિત્યનો ને સાહિત્ય-વિચારનો એમણે પરિચય કરાવ્યો – એમનાં સામયિકોથી અને એમનાં અનુવાદો તથા વિવેચનોથી. વિદ્રોહ અને નવ-સંચાર એમની મુખ્ય લેખક-ભૂમિકા.*

ફાટેલા ખિસ્સામાં ક્રોધથી વાળેલી મૂઠી સંતાડીને જેમ એક દિવસ ફ્રેન્ચ કવિ રૅંબો ચાલી નીકળ્યો હતો એમ ચાલી નીકળવાનું મન થાય છે. એકાએક જાણે કારાગારમાં પુરાઈ ગયા જેવું લાગે છે. જીવનમાં વીતેલાં વર્ષો જ દીવાલ બનીને ઘેરી વળ્યાં છે. બાળપણમાં જોયેલું, કશી દોઢડાહી ફિલસૂફીથી રંગાયા વિનાનું આકાશ હવે દેખાતું નથી. હવે બધી વસ્તુ પર વાપર્યાના ડાઘ પડી ગયા છે. બાળપણની તાજગી સાથે એક પ્રકારની અવ્યવહત શુભ્રતા સંકળાયેલી હતી એને માટે હવે મન ઝૂરે છે. વૃદ્ધના કરચલીવાળા ચહેરા જેવો ચોળાયેલો સમય – એને ખંખેરીને દૂર ફેંકી દેવાનું મન થાય છે. કોઈ વાસી ઉબાઈ ઊઠેલા બંધિયાર સમયમાં શ્વાસ શી રીતે લઈ શકે? વિચારો, સ્મૃતિઓ, અધ્યાસો, સંસ્કારો – આ બધાંનો ભાર મારા પર તોળાઈ રહ્યો છે. બધા ઇન્દ્રિયપ્રત્યક્ષોનાં પરિમાણોને અસ્તવ્યસ્ત કરી નાખીને આ જડ વ્યવસ્થા પર બને તેટલો આસુરી જુલમ ગુજારવાનું મન થાય છે. માટીમાં દટાયેલાં બીજના કાનમાં આ વિદ્રોહનો મંત્ર ફૂંકી આવવાનું મન થાય છે. આકાશને વિદ્રોહના ધ્વજની જેમ ફરકાવવાની ઇચ્છા થાય છે. નીચી નજરે વહી જતાં જળને ઉશ્કેરીને એના ઉન્નત મસ્તકને આકાશનો સ્પર્શ કરાવવાની ઇચ્છા થાય છે. મૃત્યુના ગુપ્તચરની જેમ મારામાં સંચરતા શ્વાસને સળગાવી મૂકવાનું મન થાય છે. ઓગણપચાસ મરુતોના અશ્વોને પલાણીને દિશાઓને ઉલ્લંઘી જવાનું આ મુહૂર્ત હોય એવું લાગે છે.



પરિચિત આકારોની ભૂમિતિથી ટેવાઈ ગયેલી આંખોનાં નવાં રૂપ જોવાની દીક્ષા આપવાનું પણ આ મુહૂર્ત છે. સ્પર્શબધિર આ ત્વચાને શેનાથી ફરી રોમાંચિત કરવી તેનો વિચાર કરું છું. ધ્વનિનાં પુનરાવર્તનભર્યાં આંદોલનોને ફરીથી એક વાર શૂન્યમાં સ્તમ્ભિત કરી દેવાનું મન થાય છે.

ટેવના માળખાને ઊંચકી ઊંચકીને ફરવાનો હવે થાક લાગે છે. આ શિરાઓનાં જાળાંમાં ફસાઈ રહેવાનો હવે સખત અણગમો થયો છે. હોવું અને ન-હોવુંના દ્વંદ્વને ભેદીને પલાયન કરી જવાને હું ઉશ્કેરાઈ ગયો છું. ઘરના ખૂણામાં જાપ જપતી શાંતિનો ચોટલો પકડીને બહાર કાઢી મૂકવાને હું અધીરો થયો છું. મારા પડછાયાની વફાદારીથી હું અકળાયો છું. મેં પુસ્તકમાં પૂરેલાં બારાખડીનાં પંખીઓને હું ફૂંક મારીને ઉરાડી મૂકવા ચાહું છું.

હું આ પ્રલાપ કરું છું તે મારી સામેનું દીવાલ પરનું ઘડિયાળ કાન દઈને ઠાવકું બનીને સાંભળે છે. દર્પણ ખંધું હસે છે ને એનો પડઘો બીજા ઓરડાના દર્પણમાં પડે છે. ખુરશી આ સાંભળીને ફરી વનમાં કોઈ શાખાવાળું વૃક્ષ બનીને મહાલવાનું સપનું જોવા લાગી છે. ઘરમાં કાતરિયામાંના જરઠ ઉંદરને પાંખો ઉગાડીને ઊડી જવાનું મન થાય છે. પણ રસ્તા હજી વફાદારીથી દોડી રહ્યા છે. રસોડામાં ટપકતા નળને મોઢે વફાદારીનું રટણ છે. સૂર્ય ચંદ્ર વફાદારીનો બિલ્લો લટકાવીને ફરે છે. પવન વફાદારીની છડી પોકારે છે. જળ વફાદારીનો જ રેલો છે. ભાષા શબ્દોની વફાદારીની જ કવાયત છે. દરેક મકાનમાં ભૂમિતિની વફાદારી બુલંદ બની છે. આ વફાદારીના વન વચ્ચે હું મારા વિરોધનું અરણ્યરુદન કરી રહ્યો છું. મારા હૃદયમાંની કસક પણ વફાદારીથી નિયમિત ધબક્યા કરે છે.

તો શું કરીશું? કારાગારને મહેલ માનીશું? આ દીવાલોને ફરિશ્તાની શ્વેત પાંખો માનીશું? આ ઘરનાં છાપરાંને આશીર્વાદ આપવા ઝૂકેલી ઈશ્વરની હથેળી માનીશું? આ દર્પણને બુદ્ધનાં ખૂલેલાં અનુકમ્પામય ચક્ષુ માનીશું? આકાશને શાશ્વતતાનો અમરપટો માનીશું? ઘરની બારસાખને વિજયતોરણ માનીશું? પવનને ભગવાનનું લહેરાતું પીતાંબર માનીને એના સ્પર્શથી ધન્યતા અનુભવીશું?

કોઈ વાર કાન માંડીને સાંભળું છું તો દૂરના નગરના અવાજો છેદાયેલી પાંખવાળા પંખીના ચિત્કાર જેવા સંભળાય છે. મનુષ્યોના પદધ્વનિમાં આદિકાળના કોઈ સરિસૃપના સર્યે જવાનો સ્પંદ સંભળાય છે. જીર્ણકાળનું આવરણ આ પૃથ્વી પરથી સરી ગયું હોય એવું લાગે છે. જળને મુખે સૃષ્ટિના શૈશવકાળની કાલી વાણી ફરી ફૂટે છે. વનરાજિના પર્ણમર્મરમાં એ આદિકાળનો છંદ સંભળાય છે.

તો વળી કોઈ વાર ચારે બાજુ કેવળ ભગ્નાવશેષ જ દેખાય છે. ઘુમ્મટ કે કળશ વગરનાં બોખલા મંદિરોમાં ખોખલા પવનનો ફાટી ગયેલો અવાજ સંભળાય છે. મહાલયોના અવશેષરૂપ રહી ગયેલા સ્તંભ આકાશનો ભાર ઝીલી રહ્યા છે. માનવીનાં ચરણચિહ્નોને વનસ્પતિએ હાથ લંબાવીને ભૂંસી નાખ્યાં છે. મહાનગરોને સ્થાને રિક્ત અવકાશ અશ્રુત હાહાકારથી છલકાઈ ઊઠ્યો છે.

આપણે એક સાથે ચારે ચાર યુગોમાં જીવતા હોઈએ છીએ. હમણાં જ તો હજી જાણે મત્સ્યની જેમ જળમાં સરતા હતા, પછી કચ્છપ ગતિએ ચાલતા થયા, વરાહની જેમ દંતશૂળ સાથે દોડતા થયા, પછી પશુમાંથી અર્ધમાનવ થઈને નૃસિંહ બન્યા. વામન બનીને ધૂર્તતાનાં પ્રથમ પગલાં ભર્યાં. રામ થઈને બે સંસ્કૃતિ વચ્ચેનો સેતુબંધ બાંધ્યો. કૃષ્ણ થઈને મહાભારતના યુદ્ધના સાક્ષી બન્યા અને આખરે બુદ્ધની કરુણા અને મુદાભરી આંખો ખોલી, હજી કલિનો શ્વેત અશ્વ પલાણીને સંહારયાત્રા કરવાની બાકી છે. સંસ્કૃતિના સીમાડાના પથ્થરોનો ભાર ઊંચકીને ફરતા યુગપુરુષોને હાંફતા સાંભળું છું. ગાંધીના પડછાયાને ગામને પાદરે રઝળતો જોઉં છું ને નગરના ચોકમાં એનાં પૂતળાંની પૂજા થતી જોઉં છું.

વાસ્તવિકતાને ખોદીને એની નીચેના ઊંડા ભોંયરામાં ચાલ્યો જાઉં છું. ત્યાં ખેતરના ચાડિયાઓ ખોળિયું બદલવા ભેગા થયેલા દેખાય છે. મંદિરના દેવો પણ ઘડીક ગપસપ કરવા ગુપચુપ મંદિરમાંથી અહીં ચાલ્યા આવ્યા છે. રાજકુંવરનો ઊડતો ઘોડો એની પાંખ ઉતારીને અહીં મૂકી ગયો છે. જગતભરનું સોનું અહીં માનવીના હાથના સ્પર્શનો મેલ ઉતારવા ફરીથી ઊંડે ઊતરી ગયું છે. સૂર્ય અહીં આગિયો બનીને વેશ બદલીને આવે છે. પણ સવારે જોઉં છું તો નરી વાસ્તવિકતા મને ઘેરી વળે છે. મારા ટેબલ પર બૉદલેર અને રિલ્કે, અભિનવગુપ્ત અને મધુ રાય સાથે બેઠા છે. ‘સ્પોર્ટ્સ વીકલી’ના પૂંઠા પરનો ખેલાડી જાણે હમણાં છલાંગ મારીને બહાર કૂદી આવશે એવી અદાથી ઊભો છે. ‘રીડર્સ ડાયજેસ્ટ’માંની જાહેરખબરમાંની સુંદરી હમણાં જ નાહીને નીકળી છે. એના મુખ પર પાણીનાં ટીપાં બાઝ્યાં છે ને જાણે એ સુગંધી સાબુની સુવાસ મારા ઓરડામાં પ્રસરી જાય છે.

હું દર્પણમાં જોઈને ખાતરી કરી લઉં છું કે મારું ખોળિયું તો બદલાયું નથી ને? પહેલો શબ્દ ઉચ્ચારતાં સંકોચ અનુભવું છું. મારા હાથની આંગળીઓ એકબીજાની ઓળખ ફરીથી તાજી કરી લે છે.

અર્ધાં રહી ગયેલાં સ્વપ્નોની માયા હજી મારી આંખોમાં અંજાયેલી છે. એટલે મને બધું ધૂંધળું દેખાય છે. ત્યાં સૂર્ય ઊગે છે ને મારી આજના પાઠની વેશભૂષા પહેરવાની હું તૈયારી કરું છું. આજનો આખો દિવસ પાર કરાવી જાય એવી એકાદ કવિતાની પંક્તિ શોધું છું. પણ મારું મન તો ફિનોમિનોલૉજીની સીડી ઉપર ચઢઊતર કરે છે.

(ગુજરાતી લલિત નિબંધ સંચય, સંપા. ભોળાભાઈ પટેલ, ૨૦૦૧-માંથી)

Priscila and Nadiuska Furtado

કવિતા

રસ્તો

રતિલાલ 'અનિલ'

શહેરોમાં રહે છે, જંગલોમાં જાય છે રસ્તો,
કહીં સંસાર માંડે, ક્યાંક સાધુ થાય છે રસ્તો.

અહીંથી સાવ સીધો ને સીધો આ જાય છે રસ્તો,
તમારા ધામ પાસે કેટલો વંકાય છે રસ્તો!

નથી પડતાં કદમ, તારા મિલન માટે નથી પડતાં,
વિના વાંકે બિચારો વિશ્વમાં નિંદાય છે રસ્તો.

પ્રણયના પંથ પર ક્યારેક લ્હેરાતો હતો પાલવ,
નજર સામે હવે મૃગજળ રૂપે દેખાય છે રસ્તો.

નહિતર ખીણમાં એ સોંસરો આવી નહીં પડતે,
મુસાફરને શું દેવો દોષ, ઠોકર ખાય છે રસ્તો!

મુસાફર નહિ, નદીમાં એ ન ડૂબી જાય તે માટે,
બને છે પુલ, સામે પાર પ્હોંચી જાય છે રસ્તો.

હું ઈશ્વરની કને તો ક્યારનો પ્હોંચી ગયો હોતે,
અરે, આ મારાં ચરણોમાં બહુ અટવાય છે રસ્તો!

નથી જોતા મુસાફર એકબીજાને નથી જોતા,
નજરને શું થયું છે કે ફક્ત દેખાય છે રસ્તો!

ન જાણે શી શરમ કે બીક લાગે ચાલનારાની,
કહીં સંતાય છે રસ્તો, કહીં ગુમ થાય છે રસ્તો.

લખે છે વીજળીનો હાથ કંઈ આકાશમાં જ્યારે,
ઘણીએ તેજરેખામાં ક્ષણિક દેખાય છે રસ્તો!

ઊભું છે પાનખરમાં વૃક્ષ ડાળીઓની રેખા લઈ,
હથેળીઓની રેખાઓનો એ વર્તાય છે રસ્તો!

'અનિલ', મારા જીવનની પણ કદાચિત્ આ હકીકત છે,
રહી પણ જાય છે પાછળ ને આગળ જાય છે રસ્તો!

નથી એક માનવી પાસે બીજો માનવ હજી પહોંચ્યો,
'અનિલ', મેં સાંભળ્યું છે, ક્યારનો બંધાય છે રસ્તો.

(રસ્તો, ૧૯૯૭)

"

૧૯૫૦-૬૦ના દાયકાના એક મહત્ત્વના ગઝલકાર રતિલાલ **'અનિલ'(રૂપાવાળા રતિલાલ મૂળચંદદાસ, જ. ૧૯૧૯)** *લલિત-વિચારલક્ષી-હળવા નિબંધોના સર્જક તરીકે પણ નોંધપાત્ર બનેલા. 'ગુજરાતમિત્ર'ના પત્રકાર રહેલા અનિલે 'કંકાવટી' નામના લઘુ સાહિત્ય-સામયિક દ્વારા પણ ઉત્તમ કામ કર્યું ને એમાં એમની વિવેચન-શક્તિ પણ પ્રગટ થઈ.*

ગ્રંથ-પરિચય

સર્જનાત્મક ચરિત્રનિબંધો : ‘નામરૂપ’, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

જયંત કોઠારી

“

આધુનિક સમયના પ્રશિષ્ટ વિવેચક એટલે જયંત સુખલાલ કોઠારી(૨૮-૧-૧૯૩૦ – ૧-૪-૨૦૦૧). ઊંડી ચિકિત્સક દૃષ્ટિ, તથ્યના મૂળમાં જઈ શકતી સંશોધક-શક્તિ, મર્મો ખોલી આપતી વિશ્લેષક નજર અને અભ્યાસનિષ્ઠ પર્યેષકતા – વિવેચક-સંશોધક તરીકેના એમના વિશેષો. પારદર્શી સ્પષ્ટ-વક્તવ્યવાળી નરવી નિર્ભીકતા એમનો વ્યક્તિત્વ-વિશેષ. કોશકાર અને સૂચિકાર તરીકે પણ એમનું પ્રદાન મોટું છે.



અંતે ભલે ‘હેમનું હેમ હોય’, પણ જૂજવા ઘાટ, જૂજવાં નામરૂપનો અનુભવ કંઈ ઓછો વિસ્મયજનક, ઓછો રોમહર્ષણ, ઓછો ધન્યતાપ્રેરક નથી હોતો. આપણી આજુબાજુના જ સંસારમાં ભાતભાતના લોક હોય છે, વિલક્ષણ વ્યક્તિત્વો હોય છે, પણ એમની નોંધ લેવાનું, એમના જીવનમર્મો ઝીલવાનું આપણાથી સામાન્ય રીતે થતું નથી. એ માટે ઊંડી સહૃદયતા જોઈએ અને સર્જકની કલ્પનાશીલતા પણ જોઈએ. આવી સહૃદયતા અને કલ્પનાશીલતાએ ‘નામરૂપ’માં અત્યંત સુભગ પરિણામો નિપજાવ્યાનું આપણે જોઈ શકીએ છીએ. ‘નામરૂપ’માં ચરિત્રનાયકો છે મોટે ભાગે ગામડાગામના, અભણ શ્રમજીવી વર્ગના, ક્યારેક થોડું ભણેલા નીચલા મધ્યમવર્ગના માનવીઓ. એમના જીવનમાં નોંધપાત્ર શું હોય? પણ લેખકની સહૃદય કલ્પનાશીલતાએ એમનાં સાદાંસરળ જીવનને તાદૃશ કરી આપ્યાં છે અને દરેકના ચરિત્રની એક ધોરી નસ પકડી લઈ નાનકડા રેખાચિત્રમાં એના સમગ્ર અસ્તિત્વને જાણે સમાવી લીધું છે.

ઘરે મજૂરીકામ કરવા આવેલી શ્રમજીવી યુવતી નાની – ‘નાની કોયલ’નું રેખાચિત્ર જુઓ. આમ, એ એક સાદું મધુર ચિત્ર છે. નાનીના રોજિંદા વર્તનવ્યવહારના નાનકડા પ્રસંગોમાંથી એનું અલ્લડપણું, એની ચંચળતા-ચપળતા, એની નિર્દોષ મુક્તતા મનોરમ રીતે પ્રગટ થાય છે. પણ આ બધાંની પાછળ એક મહત્ત્વનો દોર રહેલો છે – નાનીની સાચકલાઈનો. એ દોર જ આ ચરિત્રને એક ગહન પરિમાણ અને એક વિશેષ મૂલ્ય અર્પે છે. આ નાનીનું ચરિત્ર આલેખવું એ ઘરમાં બેચાર વાર આવી કિલકિલ કરી જતા પંખીના ચરિત્રને આલેખવા જેવું હતું. એ કપરું કામ જે સાહજિકતાથી લેખકે પાર પાડ્યું છે એમાં એમનું મોટું કલાકૌશલ રહેલું છે.

નાનીના ચરિત્રમાં સહજતા-સ્વાભાવિકતા છે, પણ 'નામરૂપ'નાં ઘણાં ચરિત્રોમાં વિલક્ષણતાની રેખાઓ આવે છે. બાબુ વીજળી ગોદડું ઓઢીને વાંચે છે, કેમકે એને ઓઢ્યા વિના કાંઈ યાદ જ ન રહે! ગોરબાપા આત્માનંદજી 'ગણપતિ'ને 'ગણસ્પતિ' કહે છે. રઘુ અક્કલગરો કુરકુરિયાંને વાવવા જેવાં અનેક પરાક્રમો કરે છે. ભોળીદાસ મગરનાં પણ જાતજાતનાં પરાક્રમો નોંધાયેલાં છે. તેમાંથી 'તું બેઠોબેઠો બરણી ઉઘાડે, ઓ માતમા ગોંધીજી' જેવા એનાં ગીતોના શબ્દોની વિલક્ષણતા પણ આપણા મનમાં વસી જાય છે. સોપારી ખાતા હોય એમ જડબું હલાવવાની ક્લાર્કકાકાની ટેવ એ પણ વિલક્ષણતાનો જ એક દાખલો છે. આપણે જાણીએ છીએ કે આવી કોઈ ને કોઈ વિલક્ષણતા દરેક માણસમાં પડી હોય છે, એટલે જ આ બધા આલેખનમાં આપણને અપ્રતીતિનો અંતરાય નડતો નથી, ઊલટું હાસ્યરસને અવકાશ મળવાથી આ નિબંધોની આસ્વાદ્યતામાં ઉમેરો થાય છે.

એ ખરું છે કે ગ્રંથકીટ શશીકાન્ત અને હીરભાઈ માસ્તર એ ચરિત્રનિબંધોની રચના જ વિલક્ષણતાના દોર પર થયેલી છે. હીરભાઈ માસ્તરનું ચરિત્રચિત્રણ તો કેરીકેચર (ઠઠ્ઠાચિત્ર)ની નજીક જઈ પહોંચે છે, પણ લેખક એના જીવનના કારુણ્ય તરફ ઇશારો કરવાનું ચૂક્યા નથી. નિબંધને અંતે પોતાની સહાનુભૂતિ એમણે ખુલ્લી કરીને પણ મૂકી છે – "જો યોગ્ય તક હીરભાઈને મળી હોત..." ગ્રંથકીટ શશીકાન્તની અલગારી, શંકાસ્પદ બને તેવી રીતભાતની પાછળ પણ સાધુતાનો ભગવો રંગ લેખકે જોયો છે અને આપણને સૂચવ્યો છે. આમ, વિલક્ષણતા અહીં બધે માનવ્યના અપરિહાર્ય કે ઉપકારક અંશ તરીકે આવે છે. વિલક્ષણતાનો વિલક્ષણતા ખાતર આપણે આસ્વાદ લેવાનો થતો નથી. અને છેવટે તો લેખકે સરેરાશ માનવજીવન અને એમાં વ્યક્ત થઈ જતી કંઈક ઊંચેરી, કંઈક ભીતરની માનવતા પર મદાર રાખ્યો છે.

ઘણાંખરાં ચરિત્રચિત્રોમાં ઓછીવત્તી અટપટી રેખાઓ પડેલી છે અને તેથી માનવજીવનની સંકુલતાનો અનુભવ થાય છે. છાત્રાલયમાં નવા આવેલા વિદ્યાર્થીને પજવતા ને શરીરબળના સર્વ પ્રયોગોમાં મોખરે રહેતા ભોળીદાસમાં લાગણીનું એક મંગલ ઝરણું વહેતું આપણને દેખાય છે. ચકલો ભગત દાણચોરીના ધંધામાં પડેલો છે, જેલ જઈ આવ્યો છે, પણ એ એને ચોરીનો નહીં, મહેનતનો ધંધો માને છે અને પૂરની વેળાએ પોતાની હોડી ચલાવીને લોકોને બચાવવાનું સાહસ કરતાં એ પાછો પડતો નથી. 'ગોરબાપા' ને 'કાનજીકાકા' જેવાં થોડાંક ચરિત્રચિત્રો સીધી રેખાઓથી આલેખાયેલાં છે, પણ ત્યાંયે આપણને સ્પર્શી જતું કોઈ માનવીય તત્ત્વ તો હોય છે જ.

આમ તો આ વાર્તાઓ વ્યક્તિચિત્રણો છે, પણ બે-એક વાર્તાઓ વ્યક્તિચિત્રણથી આગળ જઈ થોડીક વિશાળ ભૂમિકાનો નિર્દેશ કે સંકેત કરે છે. જેમકે ‘રહીમચાચા’ સંસ્કારભેદની એક કરુણ કથા તો ‘ચમન ચડ્ડી’ મુગ્ધાવસ્થાના એક મનોવૈજ્ઞાનિક કિસ્સા તરીકે પણ આપણું ધ્યાન ખેંચે છે.

આ ચરિત્રાંકનોને અધિકૃતતાની પ્રબળ છાપ મળી છે એમાં બે-ત્રણ બાબતો કારણભૂત બની છે. એક તો, વિષયવસ્તુ સાથેનો લેખકનો આત્મીયતાભર્યો સંબંધ. લેખકની આત્મીયતા બુટપાલિશવાળા ભગવાનના જીવનમાં રસ લેવા, એને સહાયભૂત થવા રૂપે પ્રગટ થાય, તેમ જમાનાનાં ખાધેલ કાશીમા વિશે કૌતુક અનુભવવા, એમને સમજવા રૂપે પણ પ્રગટ થાય. વળી બધી જ રચનાઓમાં લેખક સીધા સંડોવાયેલા છે. એમના સીધા અનુભવની રીતે જ આ વાતો કહેવાયેલી છે, એ રીતે પ્રસંગો પણ પસંદ થયા છે. સાંભળેલી વાતનો આશ્રય એમાં ભાગ્યે જ લેવામાં આવ્યો છે.

પાત્ર-પ્રસંગના દેશકાળની રેખાઓ અહીં બારીકાઈથી આલેખાયેલી છે તેથી પણ આ ચરિત્રાંકનોને અધિકૃતતાની છાપ મળી છે. ‘શ્યામજી હનુમાન’માં કારેલીબાગ વિસ્તારમાં બનેલા પ્રસંગની વાત કરતાં લેખક પંદરેક વર્ષ પહેલાંના એ વિસ્તારની સ્થિતિ પૂરી ચોકસાઈથી બતાવે છે. અન્ય કેટલાક નિબંધોમાં પણ વડોદરાના જુદાજુદા વિસ્તારો આલેખાયા છે. ‘બાબુ વીજળી’માં આરંભમાં જ પોષ મહિનાની રાતના આઠેક વાગ્યાનું ગામડાગામનું ચિત્રણ મળે છે. ‘કાનજીકાકા’માં વેરાઈમાતાનું મંદિર, તળાવ, પર્ણમર્મર – આ બધાંના નિર્દેશ પછી કાનજીકાકાની ખડકીનું થોડું વિગતે વર્ણન થાય છે અને પછી કાનજીકાકા આવે છે. એ નોંધપાત્ર છે કે ક્યાંક વર્ણન ખાતર વર્ણન કે કવિતા કરવા ખાતર વર્ણન આવતું નથી, પ્રત્યક્ષતા અને અધિકૃતતાને અર્થે જરૂરી હોય એટલી જ દેશકાળની વિગતો લેખક આપે છે.

અધિકૃતતા નિપજાવવામાં ફાળો આપનાર ત્રીજું તત્ત્વ છે પાત્રોના બોલીમરોડોનો ઘણી સજ્જતા અને સૂઝથી થયેલો વિનિયોગ. ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતની બોલીઓ અહીં એમના ઉચ્ચારણની જ નહીં, શબ્દો અને રૂઢિપ્રયોગોની વિશિષ્ટતા સાથે ઉપયોગમાં લેવાઈ છે. વધુમાં પાત્રની વ્યક્તિગત બોલીછટાનો પણ લાભ લેવાયો છે – જેમકે કાશીમાની. બાવાજીની હિંદી અને રહીમચાચાની દીકરીની ફારસી-અંગ્રેજી-મિશ્રિત હિંદી પણ કેવી જુદી તરી આવે છે!

સમગ્રપણે પણ આ નિબંધોનું ભાષાકર્મ-અભિવ્યક્તિકર્મ રમણીય છે. ભાષામાં આપણને આંજી દેતી ભભક નથી, અભિવ્યક્તિમાં આપણને ચોંકાવી દેતું વૈચિત્ર્ય નથી, પણ સફાઈ છે,

પારદર્શકતા છે, પ્રવાહિતા છે. સમુચિત શબ્દચયન, સુરેખ વાક્યઘડતર અને સીધી લક્ષ્યગામી નિરૂપણપદ્ધતિ વસ્તુને કેટલી મનોરમ રૂપે રજૂ કરી શકે છે એનું આ નિબંધ એક દ્યોતક નિદર્શન બની રહે છે. આયાસનો અહીં આભાસ સુદ્ધાં નથી, પણ ઊંડા અભ્યાસ અભ્યાસ વિના આ સ્થિતિ આવવી મુશ્કેલ લાગે છે.

આ ચરિત્રનિબંધો ટૂંકી વાર્તાની રચનાકળાથી લખાયા છે. એના આરંભો નાટ્યાત્મક હોય છે – ‘ગપો પંડિત’માં ગણપત હનુમાનચાલીસા ગાતો જતો હોય ત્યારે જડી વહુ ‘લે કાળિયા...’ કરતી એંઠ નાખવા નીકળે છે એ પરિસ્થિતિ કેવી અર્થગર્ભ છે! અંત પણ વ્યંજનાસભર હોય છે. ‘મૂળીમા’માં કાયમ સંભળાતો ‘ગાંડા મૂંહાળના, શેતરે જ્યો’તો?’ એ અવાજ આજે સંભળાયો નહીં – એ અંત મૂળીમાની કરુણ સ્થિતિનો સૂચક છે. બધી જ રચનાઓ અત્યંત સુઘટિત છે અને નિરૂપણમાં કલાકારને ઉચિત એવી તટસ્થતા પણ સચવાયેલી છે. નિબંધોમાં લેખક છે છતાં નથી. નથી એ અર્થમાં કે લેખક પાત્ર તરીકે, સાક્ષી તરીકે ઉપસ્થિત છે પણ સમીક્ષક તરીકે નહીં. ચરિત્રનાયકો વિશે ટીકાટીપ્પણ તો અહીં નથી જ, પણ વિશેષણોનો પણ જવલ્લે જ ઉપયોગ થયો છે. દેશકાળ, પરિસ્થિતિ, પ્રસંગ, પાત્ર, પાત્રવર્તન, સંવાદ – આનાથી જ લેખકે કામ લીધું છે.

‘નામરૂપ’ એ શીર્ષકનો તત્ત્વજ્ઞાનનો સંદર્ભ જાણીતો છે, લેખકે પ્રસ્તાવનામાં એ બતાવ્યો પણ છે. અહીં એ શીર્ષક અન્ય રીતે પણ સાર્થક થતું લાગે છે ‘બાબુ વીજળી’, ‘રઘુ અક્કલગરો’, ‘ચમન ચડ્ડી’, ‘નાની કોયલ’ એ નિબંધશીર્ષકોમાં વિશિષ્ટ નામો આપણને નજરે પડે છે, એ નામથી જ એ નિબંધો આપણને ખેંચે પણ છે, પણ આપણે જાણીએ છીએ કે કોઈક સંદર્ભે આવાં નામો નીપજે છે અને એ વડે વ્યક્તિઓને ઓળખવામાં સરળતા રહે છે, પણ એમાં વ્યક્તિત્વનું સમગ્ર રૂપ સમાયેલું હોતું નથી; એ તો નામની બહાર વિસ્તરેલું હોય છે. આ ચરિત્રનિબંધોના લેખકે પણ આ નામોમાં વ્યક્તિઓને સીમિત કરી નથી દીધી, એની બહાર વિસ્તરેલાં એમનાં સંકુલ રૂપોને આલેખવાનું સાહસ કર્યું છે. નામ અને રૂપ બન્નેની અહીં સૃષ્ટિ છે.

‘નામરૂપ’ ના કલાત્મક નિબંધો અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને આપણા એક સમર્થ ચરિત્રનિબંધકાર અને સાથે એક સર્જક નિબંધકાર તરીકે સ્થાપી આપે છે. અનિરુદ્ધની વિવેચકપ્રતિભા કરતાં એમની આ સર્જકપ્રતિભા જરાયે ઊતરતી લાગતી નથી. અને તેથી સર્જન તરફ એ આટલા મોડા કેમ વળ્યા એનું આશ્ચર્ય થાય છે.

[‘વ્યાપન’]

કવિતા

ગઝલ

ઉદયન ઠક્કર

આપની આ ખટમીઠી વાતો આમે અમને ભાવે છે,
ને ઉપરથી મોસમ પણ મીઠુંમરચું ભભરાવે છે!

અમને મોસમ એમ મળે છે, જાણે ઓળખતી જ ન હો!
આપની સામે હસીહસીને ગુલદસ્તો લંબાવે છે.

તારલિયાની લિપિય છે, ને રાતનું પરબીડિયું પણ છે,
આભ ભરીને પત્ર કોઈનો આપને નામે આવે છે.

રોજ સવારે સાગરકાંઠે નાચી ઊઠે જલપરીઓ,
રૂમ્મક ઝૂમ્મક મોજાંનાં ઝાંઝર કોઈ પહેરાવે છે.

સાગરનાં પાણીની માફક આપ તો ચાલ્યાં દૂર ને દૂર,
સાગરનાં પાણી તો જો કે જાય છે, પાછાં આવે છે.

બે-ત્રણ અક્ષર લખવા એ કંઈ એવી અઘરી વાત નથી,
શું છે એના નામમાં કે જે છેકાવે-ભૂંસાવે છે?

'મરીઝ'ની જન્મશતાબ્દી નિમિત્તે રદીફ-કાફિયામાં રચેલી ગઝલ.
(પરબ,એપ્રિલ, ૨૦૧૭)

વાર્તા-અનુવાદ

પૂર

મહાશ્વેતા દેવી - અનુ૦ ચંદ્રકાન્ત મહેતા

ભાદરવા મહિનામાં રાંધણછઠનો દિવસ આવ્યો. એ વખતે દરેક ગૃહસ્થના ઘરમાં મનસા છોડની શોધ શરૂ થઈ જાય. રૂપસી વાગદિનીનો છોકરો ચિનિવાસ પણ મનસા છોડ શોધવા ગયો. પૂર્વ તરફના ગૃહસ્થો મનસા છોડને આંગણામાં રોપે. એની પૂજા કરીને કહે : મનસા કામમાં વ્યસ્ત થઈ જા. મનસા ઘર આપ. મનસા ખેતરમાં અનાજ, ગાયના આંચળમાં દૂધ, તળાવડીમાં માછલી, ગૃહસ્થ ઘરની વહુના ખોળામાં દીકરો આપ. પણ ઘેર ઘેર કંઈ મનસાનો છોડ નહિ હોય. રાંધણછઠને બીજે દિવસે રંધાય નહિ.

"મા, અન્નપૂજા નહિ કરે?" ચિનિવાસે માને પૂછ્યું.

"ના. ભાઈ, આ વખતે આપણાથી અન્નપૂજા નહિ થાય."

"શા માટે, મા?"

"આ વરસમાં તારા કટુઆના મોટાકાકા મરી ગયા હતા ને!"

"તને કોણે કહ્યું?"

"મને ખબર છે."

ચિનિવાસ હેબતાઈ ગયો એણે કહ્યું, "તું કેવી વાત કરે છે મા!" ગયે વર્ષે તો રાંધણછઠને દિવસે માએ તો કેટલી બધી વાનગીઓ રાંધી હતી. શોલ માછલીનું ખાટું રાઇતું, મ્હોરની ને કોપરાંની ચટણી, મયા માછલી ને વેંગણનો રસો, જાતજાતનાં વડાં, મસાલાભાત, બીજે દિવસે બપોરે અને રાતે ચિનિવાસે એ જ ખાધું હતું.

આ વર્ષ બહુ ત્રાસદાયી હતું. આ તરફ ગંગામાં પૂર તો બીજી તરફ ખોડે નદી છલકાતી હતી. ચિનિવાસે સાંભળ્યું હતું કે , અંજના નદીમાં ત્રણ વાંસપુર પાણી હતું. બધાં કહેતાં હતાં, કે ભયાનક પૂર આવશે. ચિનિવાસે ક્યારેય પૂર જોયું નહોતું. ચિનિવાસની મા જ્યારે નાની હતી ત્યારે કદાચ કડુઆની ગંગામાં ભયાનક પૂર આવ્યું હતું.

ચિનિવાસની મા નાળિયેરનાં પાંદડાં કાપીને એમાંથી દાંડા છૂટા પાડતી હતી. દશ સરસ ઝાડૂ તૈયાર કરવાનાં હતાં. એના વગર આચાર્યના ઘરનું કામકાજ પૂરું નહિ થાય.

"મા, પૂર શી રીતે આવતું હશે?"

ચિનિવાસની વાત સાંભળી રૂપસી ચોંકી, પછી બોલી, "આ વખતે જોઈ લેજે."

રૂપસીની મા ગાબ ઝાડના રસ વડે માછલાં પકડવાની જાળની દોરીને પાલીસ કરતી હતી. તેણે કહ્યું, "જોજે રે જોજે, પૂર આવશે , માણસો મરશે ને મડદાં શિયાળવાં ને ગીધડાં ચૂંથશે."

"તું કેવી વાત કરે છે, મા!" માને ધમકાવતી હોય એમ રૂપસીએ કહ્યું.

"સાચી વાત કરું છું. કીડી ને જીવડાં તણાઈ જશે, હાથી ઘોડા બચી જશે, એવું શાસ્ત્રમાં કહ્યું છે!"

ફરી ચિનિવાસે પૂછ્યું, "બધાં તો એમ કહે છે કે આ પૂરમાં કોઈ નહિ મરે."

"ઓહ! ગોરાપ્રેમના પૂરની વાત કરે છે? એની મને ખબર નથી ભાઈ! મેં તો સાંભળ્યું છે કે શાન્તિપુર-કટુઆના લોકો આ જ વાત કર્યા કરતાં હોય છે. એ સાંભળીને મારું તો હસવું માતું નથી. બજારમાં હાટમાં જતાં મેં જોયું કે આ બધાં એક જ વાત કરતા રહ્યા છે. હું જેને પૂછું કે શી વાત છે? તે કહે, ‘અરે બાગદીવહુ! શી વાત છે તે તો અમે પણ સમજ્યા નથી. પણ સાંભળ્યું છે, કે ગૌરાંગ સંન્યાસી ઊંચી જાતના માણસોને નીચા બનાવશે, અને નીચાને ઊંચા બનાવી દેશે, એમ કહેતા કહેતા નાચતા ફરે છે.’ એ સાંભળીને તો હું પૂછું છું કે શું અમે બ્રાહ્મણોની તળાવડીમાંથી પાણી ભરીને લઈ જઈ શકીશું? એમની જેમ પલંગ પર સૂઈ શકીશું? મમરા, ધાણી, જે ખાવાનું મન થાય તે ખાઈ શકીશું? જો એમ ન હોય તો પછી આપણે ગોરાપ્રેમના પૂરમાં શી રીતે તરી શકીશું? મારા સવાલના જવાબમાં બધાએ ડોકું ધુણાવ્યું. મેં પણ મારા બકના વાછડાને ખોળીને પકડ્યું ને ચાલી આવી. આ વળી કયું પૂર ભાઈ?"

"મા!" રૂપસીએ અવાજ ઊંચો કર્યો.

"મા તેં તો ગૌરાંગને જોયા નથી?"

"શા માટે જોવા જાઉં? ગૌરાંગ શું મારું પેટ ભરશે? શું આપણને રાજપાટ આપશે?"

"તો જઈને માછલાં પકડ, જા."

"અરે! રૂપનું અભિમાન ન રાખ. માછલી પકડવાનું શું બૂરું કામ છે? માછલાં પકડી પકડીને તો તને આટલો મોટો કર્યો."

ચિનિવાસે જોયું કે જોરજોરથી પવન વાય છે. એ મનસાનો છોડ લાવ્યા છે કે નહિ તે જાણવા વાવાઝોડું ફૂંકાય તે પહેલાં આચાર્યને ઘેર જઈ પહોંચ્યો.

પૂર્વાચલનું આચાર્ય કુટુંબ ઘણું ધાર્મિક તથા પૈસાપાત્ર હતું. શક સંવત ૧૪૨૫માં રોજ ગરીબોને જમાડવાની શક્તિ હોય એવી આંગળીને વેઢે ગણાય એટલી વ્યક્તિ હતી. પણ વડા આચાર્યના આંગણમાં બપોર સુધી સો માણસની પતરાળી પીરસાતી. નવદ્વીપના ગૌરાંગ સંન્યાસીના સમાચાર પવનથી પણ વધુ વેગથી પ્રસરતા હતા. આજકાલ તેઓ બંગાળથી શાન્તિપુર જઈ ત્યાં માતાના દર્શન કરીને પાછા નીલાચલ જઈ રહ્યો હતા. વડા આચાર્યની ઇચ્છા હતી કે આ રસ્તે પસાર થતા નિમાઈ ઠાકુર બે દિવસ એમનું આતિથ્ય સ્વીકારે.

શા માટે? આચાર્યની પત્ની એ જાણવા માંગતી હતી. કારણ આચાર્ય શિરસ્તદાર, શાહુકાર, અત્યંત શ્રીમંત હોય તેવાનું જ સન્માન કરતા. તો પછી યુવાન સંન્યાસીનું સન્માન કરવા શા માટે તૈયાર થયા છે?

"શા માટેનો મતલબ? તું દશ જણને જમાડે છે, શા માટે?"

"એ તો પુણ્ય કમાવા માટે."

"હા! પુણ્ય કમાવા માટે!" એને કહે છે શ્રી-વૃદ્ધિ. દસ જણને જમાડો, કપડાં આપો તો માણસો તમને દેવની જેમ પૂજે."

"ગૌરાંગનું સન્માન શા માટે કરો છો?"

"અરે ભાઈ! ગૌરાંગ હમણાં નવા નવા છે. માણસો હમણાં ગૌરાંગને નામે પથ્થર તરે એમ માને છે. સમાજમાં એ દેવની જેમ પૂજાય છે. ગૌરાંગ જ્યારે શાંતિપુરમાં ગયા, ત્યારે ત્યાંના વણકરોએ ગરીબોમાં કાપડ વહેંચ્યું ને એમણે કીર્તિ મેળવી હું પણ એમનું બહુમાન કરું તો મારું પણ કલ્યાણ થશે."

"અરે, પણ તમારી ખર્ચ કરવાની વાતથી છાતી બેસી જાય. ગૌરાંગ સંન્યાસી આવશે તો એમની જોડે એમના ચેલાઓની ફોજ આવશે, તો ધૂમ ખર્ચ થશે એની મને ચિંતા થાય છે."

"અરે તારી તો સ્ત્રી-બુદ્ધિ છે. ગૌરાંગ કૃષ્ણના જાપ જપતો ફરે છે. એ માણસ એક વાર આવશે તો એક વાર ખર્ચ કરી નાંખીશ. એથી ચારે દિશામાં મારી વાહવાહ થઈ જશે."

"એ તો માણસોને બોલાવીને ચાંડાળો સમેત એના ખોળામાં બેસાડે છે. એ વાત સાંભળીને હું તો અકળાઈ ગઈ છું."

"ખોળામાં બેસાડ્યા તેથી શું થયું? ખોળો તો એમની સાથે ચાલી જશે. એ ગયા પછી ચાંડાળ બાગદી પાછાં જ્યાં હતા ત્યાં આવી જશે. તું આટલી જીભ શાની ચલાવે છે? જા અન્નપૂજાની તૈયારી કર."

વડા આચાર્યની વહુએ નિસાસો નાખી ચાલતી પકડી. આચાર્યએ તો માત્ર જીભ જ ચલાવતાની સેંકડો લોકોની રસોઈ બનાવવાની. હવે કંઈ ઉંમર છે એમની? બધા આગંતુકોને માટે રસોઈ કરી બધાને જમાડીને રાતના ખાણા માટે દાળ-ભાત ચૂલા પર ચઢાવીને પછી કંઈક ખાવા બેસે છે.

"કોણ છે રે?"

આંગણા આગળ એક ખૂણામાં ચિનિવાસ આવીને બેઠો હતો.

"હું ચિનિવાસ છું માજી."

"કોણ ચિનિવાસ?"

"રૂપસી વાગદિનીનો છોકરો. માએ પૂછાવ્યું છે તમારે માટે મનસાનો છોડ લઈ આવું માજી?" એ જ પૂછવા આવ્યો હતો.

આચાર્યપત્નીને અંગે અંગે ઝાળ લાગી ગઈ. "આ કેવાં અપશુકન! આટલી બેશરમી? હમણાં દેવને નૈવેદ્ય ધરાવવા જતી હતી, ત્યાં આ અભાગીયા, કુલક્ષણા બાગદીનો છોકરો મોઢું બતાવવા આવી ગયો."

"બહુ મોટો છોડ છે." ચિનિવાસે બે હાથ ફેલાવી છોડના કદનો ખ્યાલ આપ્યો.

રસોડામાંથી ગરમ ભાતની સુગંધ આવતી હતી. બ્રાહ્મણી રસોઈયણ દાળના તપેલામાં ઘી ઢાળતી હતી. દૂધીનો હલવો દૂધમાં રંધાતો હતો. જાતજાતનાં શાક રંધાતાં હતાં. ઘીની સુવાસ ચારે બાજુ ફેલાઈ હતી. કેટલાય દિવસથી ચિનિવાસે ગરમ ભાત ખાધો નહોતો. કેટલાય સમયથી એ બ્રાહ્મણને ઘેર ગયો નહોતો.

"તે પછીથી કહેવડાવીશ. હમણાં તો તું ઘેર ચાલ્યો જા."

"મા, બરામણોની અન્નપૂજા ક્યારે છે?"

"સોમવારે."

"થોડાં શાકભાજી હું લાવી આપીશ એ દિવસે."

"ના બાપ, તું હવે જા."

આ છોકરો એને બ્રાહ્મણ મા કહીને બોલાવે તેથી તો એના અંગમાં આગ ઊઠતી. આ ઊગમણી દિશામાં રૂપસી વાગદિની જેટલું કોઈ ગરીબ નહોતું. પૂરતું ખાવાનું મળતું નહોતું. વાળ જથરપથર હતા, તો પણ એ ખૂબ રૂપાળી લાગતી હતી. છોકરો પણ ખૂબ રૂપાળો હતો. આચાર્યની વહુએ છોકરા માટે કેટલાંય વ્રતોની જાતજાતની પૂજા કરવા છતાં કેટલીયે કાળી છોકરીઓને જન્મ આપવા સિવાય એકે છોકરો થયો ન હતો, એટલે આચાર્ય બીજી પત્ની પરણી લાવ્યા હતા.

"જાણે આંખોથી ગળી જશે, મૂઓ." આચાર્યપત્ની બબડી.

પછી એણે તિરછી નજર નાંખી જોયું કે ચિનિવાસ ક્યાં ઊભો છે. આંગણાની એકબાજુએ સીતાફળનું ઝાડ હતું તે હતી લક્ષ્મણરેખા. બાગદી હોય માછીમાર હોય બધાની ગૃહસ્થના ઘરમાં જરૂરિયાત હોય તેથી આ બધાં હલકી જાતનાં લોકો સીતાફળના ઝાડની પેલી બાજુએ, ઊભાં ઊભાં વાત કરીને ચાલ્યાં જાય. ચિનિવાસ અંગૂઠા પર ઊભો રહીને ઊંચો થઈને કંઈક જોવાનો પ્રયત્ન કરતો હતો.

આચાર્યની નાની વહુ છોકરાને કેડમાં લઈ બારણા આગળ આવીને એક ક્ષણ ઊભી રહીને પાછી અંદર જતી રહી. છોકરો માંદો હતો. ચિનિવાસની નજર લાગે તો વધારે માંદો થઈ જાય તો!

"એને એક પાઈ અને મમરા આપીને વિદાય કરો." અંદરથી નાની વહુએ નોકરોને હૂકમ કર્યો ને ચિનિવાસને કહ્યું, "મમરા લઈને રાજીખુશીથી ચાલી જા ભાઈ! મારા છોકરાની સામું જોઈશ નહિ." ચિનિવાસની બન્ને આંખ જાણે ખાવાનું ઢૂંઢતી હતી. એને આટલી ભૂખ કેમ લાગતી હશે કોને ખબર.

"લે, મમરા લઈને ચાલી જા."

ચિનિવાસના મનમાં શું ભૂત ભરાયું કોને ખબર, એણે એકદમ વડી આચાર્ય પત્નીને ઘાંટો પાડીને પૂછ્યું, "હાં, રે બ્રાહ્મણ મા, સાંભળ્યું છે કે ગૌરાંગ પ્રભુ આવતાં અમને બધાની સાથે આંગણામાં બેસાડીને પ્રસાદ મળશે?"

"કોણે કહ્યું?" વડી આચાર્ય પત્નીએ ડોકું ઊંચું કરીને બરાડવાનું શરૂ કર્યું. એના બરાડામાં અર્ધા શબ્દો સ્વામીની વિરુદ્ધ આક્ષેપના હતા.

"એ ચાંડાળ બાગદીની જોડે નાચતો ફરે છે. નાચવા દે એને. એ દેવ છે, કે માણસ, કેવો છે તે અમે જાણીએ છીએ. એ પૂર આણે છે. પણ પૂરમાં એ જ તણાઈ જવાનો છે. અમારે આ ગામમાં જન્મારો કાઢવાનો છે. અમે શા માટે એની જોડે નાચતા ફરીએ?"

રૂપસી બાગદીની વિરુદ્ધ પણ ઘણું ઝેર ઓક્યું. એ નીચ જાતની ઓરત છે, નઠારી છે, છોકરો પણ નઠારો છે. ગામનું કલંક છે વગેરે.

નાની આચાર્યપત્ની ઝટપટ એક લોટો પાણી તથા એક વાડકી સાકર લઈ આવી, ને ઊભી રહી. કારણ-અકારણ જ્યારે વડી આચાર્યપત્ની આ રીતે બરાડતી ત્યારે બરાડતાં બરાડતાં એના મોઢામાંથી થૂંક પડતું. એવે વખતે એક વાડકી સાકર ખાય અને લોટો પાણી પીએ એટલે એ શાંત થઈ જાય.

ચિનિવાસે તો ખોબામાં મમરા લઈને દોટ મૂકી. દોડતો દોડતો એ તળાવને કિનારે પહોંચી ગયો. તળાવ પાણીથી છલોછલ ભરેલું હતું. બહુ છીછરું હતું. એટલા પાણીમાં માછલાં પકડાય નહિ. પણ અળસિયાં જેવી માછલી ઘણીબધી હતી. એમ લાગતું હતું કે ચિનિવાસની નાનીએ નાળિયેરનાં પાંદડાંના દાંડા છોલવાનું કામ પૂરું કર્યું હતું તેથી અળસિયાં જેવી માછલી પકડવા આવી હતી. ડોસી કંઈ ને કંઈ કામ કર્યા કરતી. એને નવરાં બેસવાનું તો ગમતું નહિ.

"આ નાનકડી માછલી પકડવાથી શું થશે નાની?" ચિનિવાસે આશાભર્યા અવાજે પૂછ્યું.

વૈદજીના સસરાની આંખમાં મોતિયો આવ્યો હતો. હુગલી (અળસિયા જેવી માછલી)નો રસ પીવાથી આંખ સારી રહે. તેથી વૈદની પત્ની વચ્ચે વચ્ચે એના બાપુ માટે હુગલી મંગાવતી, ને બદલામાં ક્યારેક ચોખા આપતી, અથવા પપૈયું આપતી. નાનીએ દોહિત્રની વાત સાંભળીને કહ્યું, "એમ જ! કોઈ લે તો ઠીક છે, નહિ તો આ હુગલીને શાકમાં રાંધીશ. આ મમરા તને કોણે આપ્યા? આચાર્યની વહુએ?"

"હા" ચિનિવાસે ઝટપટ મોંમાં મમરા ઠાલવવા માંડ્યા.

રૂપસીની મા, ચિનિવાસની દાદીએ મોઢું વાંકુ કરીને કોઈને ગાળ દીધી. એણે કહ્યું, "ત્યારે તે કેટલીયે વાત કરતા હતા! આ આપીશ, તે આપીશ, કપડાં આપીશ, બધો ભાર ઉપાડીશ! હવે એ બધી વાત ભૂલી ગયો."

"કોણ, કોણ નાની?"

"તારો દુશ્મન, તારી માનો દુશ્મન!"

ચિનિવાસે ઘણા વખત સુધી નાનીની જોડે માછલાં પકડ્યાં. એનાં આંગળાં પાણીમાં રહી રહીને થીજી ગયાં. પછી ઘેર પાછા ફરતાં ફરતાં ચિનિવાસે કહ્યું, "આ પૂર નહિ પેલા પૂરની વાત કહે નાની."

"પ્રલયનું પૂર." ડોસીએ ડોકું ધુણાવતાં કહ્યું.

"કેવું?"

"તારી મા ત્યારે તો નાની છોકરી હતી. રૂપે રંગે જાણે પરી. સવારથી જ ધોધમાર વરસાદ. કરા પડે. જોર જોરથી પવન ફૂંકાય."

"પછી?"

"પૂર આવ્યું એટલે અમે બધાં વડી આચાર્યની વહુના છજામાં જઈને ભરાયાં. કેટલાય લોકો ઝાડ પર ચડી ગયા, ને કેટલાય લોકો તણાઈ ગયા. માણસોને જીવજંતુની જેમ મરતાં જોઈ બ્રાહ્મણોએ બધાને એમના ઘરમાં આશરો આપ્યો."

"પછી?"

વાતનો આ ભાગ ચિનિવાસને બહુ ગમતો. એ વારંવાર આ પૂરની વાત પૂછતો, અને આ ભાગ સાંભળવા મળે તેથી આખી વાત સાંભળતો. એ વાત એને પરીકથાથી પણ વધુ રસપ્રદ લાગતી. પૂરને સમયે બધા માણસો દેવ બની જતા; નહિ તો આ રીતે એકબીજા જોડે ભળી જાય શા માટે?

"ખાધા વિના માણસ મરી જાય છે એ જોઈને બ્રાહ્મણોએ કરંડિયા ભરીભરીને મમરા પૌંઆ, પતાસાં ને બીજું ખાવાનું આપીને બધાના જીવ બચાવ્યા. જેમને રાંધવાની જગ્યા મળી તેમને ચોખા, દાળ વગેરે આપ્યાં."

"અને મારી માને?"

"બ્રાહ્મણ લોકોએ એને પહેરવાનાં કપડાં આપેલાં. એણે પહેરેલી સાડી જગ્યાએ જગ્યાએથી ફાટી ગઈ હતી."

"પછી શું થયું?"

"નવા ગોપાળના મંદિરમાં અમને જગ્યા આપી."

"તે પછી?"

"માચડા પરથી સૂકાં લાકડાં, ચોખા, દાળ, તેલ, મીઠું, અનાજ, માછલાં-બધું ફેંકાતું. પાણી ઊતર્યાં પછી બધાં પોતપોતાને ઘેર ગયાં. પણ રૂપસી અને એની મા માટે વડા આચાર્યને કેટલી બધી ચિંતા થતી હતી! એ ખૂબ દુઃખી

હતા. કોણ આટલી બધી કાળજી લે! કેટલાય દિવસો સુધી એમને પોતાને ઘેર રાખ્યાં, અને ત્યાર પછી પોતાના એક નોકર માહિન્દરની સાથે રૂપસીને પરણાવી. પરણ્યા પછી પૂરું વર્ષ નહિ વીત્યું હોય ત્યાં ચિનિવાસનો જન્મ થયો; પણ રૂપસીનો વર તાવમાં મરી ગયો."

"ઓ મા! પછી શું થયું?"

"તું જન્મ્યા પછી પણ એ લોકોમાં દયામાયા હતી. હમણાં જેમ મમરા આપીને તને તગેડી મૂક્યો, તેવાં એ વખતે એ નિર્દય નહોતાં."

ચિનિવાસની નાની ડોકું ધૂણાવી કંઈ બોલવા જતી હતી. પણ અટકી ગઈ. એ વખતે એ લોકોને ઢોલ વગાડીને કશી જાહેરાત થતી સાંભળી. વડા આચાર્યએ બધાંને એને ઘેર જવા આમંત્રણ આપ્યું હતું. કીર્તન, દેવની પૂજા થશે, અને ગૌરાંગનાં દર્શન થશે. બધાને નિમંત્રણ અપાતું હતું. દિવાકર ચક્રવર્તી જેવા બ્રાહ્મણને, ચિનિવાસ જેવા બાગદીને, સૌને."

"અરે હા! સાચેસાચ બ્રાહ્મણો બધાને આમંત્રણ આપે છે. બધાને જમાડશે?" ચિનિવાસની નાની કંઈ સમજીને, કંઈ વગર સમજ્યે માથું હલાવવા લાગી. આ પૂર પણ લાગે છે કે પેલા ગંગાના પૂર જેવું છે. બધાં એક જ જગ્યાએ ઊભાં રહેશે, બેસશે, ને મમરા, પૌંઆ સરખે ભાગે વહેંચીને ખાશે."

"મમરા પૌંઆ નહિ મા, ભાત હશે, ખીર હશે, ઘીવાળી દાળ, પપૈયાં, નાળિયેરની વાનગીઓ, જાતજાતનાં શાક, રબારણે ખૂબ દહીં જમાવ્યું છે તને ખબર છે?"

"જા જઈને તારી માને કહે કપડાબપડાં ધોઈ નાંખે, જરા તેલ લાવજે, બાલ સંન્યાસીની જટી જેવા થઈ ગયા છે. આવું જીથરા માથું લઈને શી રીતે જઈશ?"

ચિનિવાસે પવનવેગી દોટ મૂકી. એ માને ખબર આપવા દોડી ગયો. રૂપસીએ વારેવારે હાથ જોડીને કપાળે લગાડ્યા. શું આ નાનીસૂની સાચી વાત છે? જો એ એના ચિનિવાસના માથા પર હાથ મૂકે, એને આશીર્વાદ આપે તો તો બધાને ખબર પડશે કે ચિનિવાસ પણ માણસ છે, ને રૂપસી પણ માણસ છે, અને આ ગામમાં બીજો પણ એક માણસ છે. જે અહંકારથી માથું ઊંચું રાખીને ગામમાં ફરે છે. રૂપસીને ઘણી ઇચ્છા હતી, કે એ ગૌરાંગને પૂછે, અથવા કોઈની પાસે પૂછાવે કે એક અહંકારી માણસનું એક સંતાન બાગદી હોવાથી શું હંમેશને માટે ગરીબ રહેશે, ને ઘરના છોકરાને સોએ એક ભાગ પણ નહિ મળે? આ તે કેવો ન્યાય?

રૂપસીને મનમાં એવો ભાસ થયો કે જાણે ગૌરાંગ આવી ગયા છે, અને ચિનિવાસને છાતીસરસો ચાંપ્યો છે–જાણે બધું દુઃખ, બધી મુશ્કેલીઓ દૂર થઈ ગયાં છે.

પણ ગૌરાંગ આવ્યા નહિ.

શાંતિપુર-કટુઆ થઈને કુમાર હટ્ટનો રસ્તો પકડવો પડ્યો. સંન્યાસ લીધાંને થોડાંક વર્ષો પછી માણસો જાણે મધમાખીઓ હોય એમ એમને ઘેરી વળતાં. માણસોનાં માથાંમાં જાણે ઉમંગનાં પૂર ઉમટ્યાં હતાં. બધાંને એમનાં દર્શન કરવાં હતાં. ચરણસ્પર્શ કરવો હતો. આંધળાં કહેતાં, મને સ્પર્શ કરો કે જેથી અમે દેખતા થઈએ; લંગડાં કહેતાં હતાં કે અમારા પગ સાજા કરી દો; જેમનાં છોકરાં મરી જતાં હતાં તે છોકરાંને લઈને એમના પગ પાસે રાખીને પૂછવા ઇચ્છતાં હતાં, છોકરાં જીવતાં કેમ નથી તે કહો પ્રભુ!"

આમ હજારો માણસ હજારો આશાભર્યાં ત્યાં ઉભરાતાં હતાં. પ્રબળ ઇચ્છા હોવા છતાં એ આ યાત્રામાં ચિનિવાસના ગામની પાસે જઈ શક્યાં નહીં.

આચાર્યના ઘરની સામે માણસોની બહુ ભીડ હતી. એક ફક્ત ગૌરાંગદર્શનને માટે આવ્યાં નહોતાં, પણ પેટની આગ બુઝાવવા આવ્યાં હતાં. પેટ ભરીને ખાવાનું મળશે એ આશાએ બાળકો, મા, ડોસા-ડોસી, આંધળાં, લૂલાં-લંગડાં, અનાથ, બધાં બેસી રહ્યાં. ધોધમાર વરસાદ વરસતો હતો. જાણે કોઈ આકાશને સમ દઈને કહી રહ્યું હતું, "પાણી રેડ્યા કર બાપુ! તું જરા ય અટકીશ નહીં."

આવા વરસાદમાં જ રેલ આવે, એક પછી એક પ્રહર વીતતા ગયા. લોકો ભીંજાતાં જ રહ્યાં, એ આશાએ કે ગમે ત્યારે પ્રસાદ લેવા માટે બૂમ પાડીને બોલાવે.

બરોબર સાંજે મમરા અને પતાસાંના કરંડિયા ભરીને માહિન્દરના ઘરના માણસો લોકો બેઠાં હતાં ત્યાં આવી પહોંચ્યા. ચિનિવાસના ઘરનાં કોઈ, આંગણામાં આવ્યાં નહોતાં. પણ માહિન્દરના ઘરનાં માણસોએ મીઠે અવાજે કહ્યું, "એ જો આવત તો તમે સૌ આંગણામાં આવી શકત, ને અમે તેમને બોલાવીને અહીં બેસાડત. પણ એ તો આવ્યા નહિ, તો હવે આંગણામાં આવીને પાણીને કાદવવાળું કરવાથી શો ફાયદો?"

"તો મમરા પતાસાં શા માટે લઈ આવ્યો છો? પ્રસાદ આપવાનું તમે કહ્યું નહોતું?"

"એ જો આવત તો તો પ્રસાદ જરૂર રંધાવત. અહીં કીર્તન થાત. એટલામાં રસોઈ થઈ જાત. તમને બધાંને પ્રસાદ મળત. બધી તૈયારી હતી, બધી સામગ્રી હતી, પણ એ જ્યારે આવ્યા નહિ તો પછી પ્રસાદ શી રીતે તૈયાર થાય, તમે જ કહો."

"પણ અમે તો પ્રસાદની આશાથી અહીં આવ્યાં છીએ."

"જુઓ, તમે આવ્યાં હતાં તો સંન્યાસીનાં દર્શન કરવા, કંઈ ખાવા થોડાં આવ્યાં હતાં?"

"હા, ખાવા આવ્યાં હતાં."

"લો, તમારી જોડે મારે માથાકૂટ કરવી નથી. ગૌરાંગ પ્રભુનાં દર્શન કરતાંય ખાવાનું વધારે મહત્ત્વ? એથી જ તમારા લોકોનાં દુઃખ ઓછાં થતાં નથી. સમજ્યાં! લો હવે મમરા પતાસાં લો."

સરસ મમરા હતા, મોટાં મોટાં પતાસાં હતાં, પણ ચિનિવાસની આંખો ભરાઈ આવી. એને તો ખબર હતી કે સવારથી દૂધી, કાકડી, રીંગણ, ભાજી, દૂધ, દહીં બધું ગાડાં ભરી ભરીને લઈ અવાયું હતું. ભગવાન જાણે શા માટે એ બધું લવાયું હતું? ચિનિવાસને એકાએક એની મા રૂપસી પર ચીડ ચડી.

"એ રાક્ષસીએ આ વખતે અન્નપૂજા શા માટે ન કરી? કેમ મને પેટ ભરીને ભાત ખાવા ન મળ્યો? ભરપેટ ભાત ખાવાની મારી ઇચ્છા કેમ મરતી નથી?"

મનમાં ને મનમાં માને મારીને એની હત્યા કરીને, મમરા પતાસાં ફેંકીને ચિનિવાસ ભાગ્યો.

ઘણો સમય વીત્યો. સાંજને વખતે ચારે બાજુએ આગિયા વાતાવરણને પ્રકાશિત કરતા હતા. અંધારું ઊતરવા માંડ્યું હતું. ચિનિવાસની નાનીએ ચિનિવાસને સીમાડાના ખેતર આગળ ખોળી કાઢ્યો. પાણીમાં ડૂબેલા તાડની ઉપર એ ચૂપચાપ બેઠો હતો. રડી રડીને ગળું બેસી ગયું હતું. ઊંઘ આવતી હતી. પરંતુ ભૂતની બીક પણ લાગતી હતી.

"નાની! મારો હાથ પકડ."

બન્ને જણ પાણીમાં છબછબ કરતાં ઘરની તરફ જવા લાગ્યાં. ઘર તરફ જતાં જતાં ચિનિવાસે કહ્યું, "ગૌરાંગના પૂર કરતાં પેલું પૂર સારું હતું ને, એવું પૂર પાછું નહિ આવે? જે પૂરમાં ધાણી મમરા, ભાત બધું જ મળે! બધાં દુઃખ દૂર થઈ જતાં!"

(મહાશ્વેતા દેવીની શ્રેષ્ઠ વાર્તાઓ, ૧૯૯૬-માંથી)

Priscila and Nadiuska Furtado

કરોડપતિ સંસદસભ્યો પગારવધારો માગે છે!

દિનેશ શુક્લ

જ્યારે અમારી મુદત પૂરી થઈ જાય છે ત્યારે જાણે કે અમે ગરીબ થઈ ગયા હોઈએ, એવો અનુભવ થાય છે, એવી દલીલ કરીને કેટલાક સંસદસભ્યોએ સર્વોચ્ચ અદાલત સમક્ષ એક એવી રજૂઆત કરી કે અમને જીવીએ ત્યાં સુધી પેન્શન મળવું જોઈએ. તેને કારણે પાર્લામેન્ટમાં ભારે ઊહાપોહ થયો અને નાણામંત્રી જેટલીએ જણાવ્યું કે "જાહેર નાણાંનો ખર્ચ કેવી રીતે કરવો જોઈએ, તે નક્કી કરવાની સત્તા માત્ર પાર્લામેન્ટને છે."

હાલ આપણા 'માનનીય' સંસદ સભ્યોને જે ભાડાં-ભથ્થાં મળે છે, તે બધાં 'ટેક્સ ફ્રી' છે. મતલબ કે તેના પર કોઈ કરવેરા લેવામાં આવતા નથી. તેમને રૂ. ૫૨,૦૦૦નો માસિક પગાર મળે છે. ઉપરાંત તેમને અનેક પ્રકારનાં એલાવન્સો મળે છે. દરેક મહિને સરકાર એક સંસદસભ્ય પાછળ રૂ. બે લાખ ૭૦ હજાર તેમના પગાર અને વિવિધ ભથ્થાં પાછળ ખર્ચે છે. આ ઉપરાંત, વર્ષ દરમિયાન તેઓ આશરે દોઢ લાખ જેટલા ફ્રી કોલ કરી શકે છે. તેમને ત્રણ જેટલાં ટેલિફોન-જોડાણ આપવામાં આવે છે. એટલે તેઓ ગમે તે ટેલિફોન પર વાતચીત કરી શકે છે, તેનું બિલ સરકાર ભરે છે. તેઓ નવી દિલ્હીમાં જે મકાનોમાં રહે છે, તેનું ભાડું તેમને ભરવું પડતું નથી. અને તેઓ દર વર્ષે ૫૦,૦૦૦ યુનિટો વીજળીનો વપરાશ કરે છે. વળી તેઓ લાખો લીટર પાણીનો ઉપયોગ કરે છે.

આ બધું, ઓછું હોય તેમ તેમણે લગભગ સર્વાનુમતે માસિક એક લાખ રૂપિયાના પગારની માગણી કરી છે. તે સાથે, તેમને જે બીજાં ભથ્થાં મળે છે તેમાં વધારો કરવાની પણ માગણી કરી છે. અત્યારે તેમને આજીવન રૂ. વીસ હજારનું પેન્શન (માસિક) મળે છે, તેમાં વધારો કરીને રૂપિયા પાંત્રીસ હજારનું માસિક પેન્શન મળવું જોઈએ, એવી તેમણે માગણી કરી છે.

હાલ લોકસભામાં ૫૪૩ સભ્યો છે, તેમાંથી ૮૩ ટકા તો કરોડપતિ છે અને તેમની સરેરાશ સંપત્તિ રૂ. ૧૪ કરોડ, ૭૦ લાખ છે. આ આંકડા તેમણે ઉમેદવારીપત્રો ભર્યાં ત્યારે જાહેર કરેલા છે; નહીં દર્શાવેલી સંપત્તિ કેટલી હશે, તે તો કોઈ જાણતું નથી! તેમની મુખ્ય માગણી એ છે કે તેમને આજીવન (જીવે ત્યાં સુધી) પેન્શન અને અન્ય ભાડાં-ભથ્થાં આપવાં જોઈએ, કારણ કે જ્યારે અમારી મુદત પૂરી થાય છે, ત્યારે અમારે ગરીબીનો સામનો કરવો પડે છે!

(બુદ્ધિપ્રકાશ, મે ૨૦૧૭)

હળવો નિબંધ

મસ્તકે ચંદ્રશાળા

રમણ સોની

એક દિવસ મારો પાંચ વર્ષનો પૌત્ર અને હું મારા જૂના ફોટોગ્રાફ જોતા હતા એમાં એક ફોટોગ્રાફમાં ગુચ્છાદાર ઘેરા વાળ હતા મારા માથા પર. પૌત્ર કહે, દાદા, આ વાળ કયાં ગયા? મેં કહ્યું દીકરા, તને આપી દીધા. એ રમૂજભરેલા કુતૂહલથી મારી સામે જોઈ રહ્યો. મેં કહ્યું, તું અહીં આવવાનો હતોને, એ પહેલાં મેં ભગવાનને કહેલું કે મારા વાળ મારા દીકરાને આપી દેજો. એ કંઈક સમજ્યો - ન સમજ્યો ને એણે એના માથે હાથ ફેરવીને પછી મારા માથે હાથ ફેરવ્યો. પછી કહે, આટલા કેમ રહી ગયા? મેં હસીને, એના વાળમાં આંગળીઓ નાખીને કહ્યું, ભગવાનભાઈ ઉતાવળમાં હશે....

વારસામાં જેમ દેવું મળે કે પછી સંપત્તિ મળે, એમ રોગ વગેરે લક્ષણો પણ મળે. આ મળતરને ‘માણસે સરજેલું’ ને ‘કુદરતે સરજેલું’ એવાં બે જુદાં ખાનાંમાં ન નાખવું હોય તો ‘નસીબનો ખેલ’ – એવા એક જ ખાનામાં નાખી શકાય. ‘ટાલિયા નર કોક નિર્ધન’ એવી હરિગીત છંદની કહેવતમાં જે લઘુમતી ‘કોક’ શબ્દ છે એ પણ મને વારસામાં મળેલો છે. મારા દાદાજી અને પિતાજી આનંદથી પૈસા વાપરવાને લીધે અલ્પ-ધન થયેલા ને હું અલ્પ-ધન હોવાને લીધે વાપરી નહીં શકેલો, ને એથી અલ્પ-ધન જ રહેલો.



મારા વાળ પણ અલ્પધન રહ્યા છે, પરંતુ અગાઉ કહ્યું એમ એ સઘન હતા એકવાર. આપણા એક ખ્યાત ચિત્રકારે મારો ફોટોગ્રાફ લીધેલો ત્યારે મારી ઉંમર અત્યારે છે એનાથી અરધી હતી. એમણે કહેલું કે, તમારા વાળને લીધે તમારો ચહેરો ઉઠાવદાર લાગે છે. એટલે આપણે એ રીતે ફોટોગ્રાફ લઈએ. (વાળ સિવાયના બાકીના ચહેરા વિશે એમને ત્યારે માર્મિક રીતે જે કહેવું હતું તે છેક આજે – વાળની ગેરહાજરીમાં જ – હું સમજી શકયો છું!)

પછી તો વાળની ઘેરી અમાસ પૂરી થઈ અને પ્રતિપદાનો – સુદ પડવાનો મંગલ આરંભ થયો. પહેલાંના સમયમાં જે જગાએ ચોટલી ઊગતી એ

જગાએ મારે માથે ચંદ્રનો આછો ઉદય થવા લાગ્યો. ને પછી કવિ ન્હાનાલાલે 'શરદપૂનમ' કાવ્યની શરૂઆતમાં કહ્યું છે એમ, 'એવી ઊગી ચંદ્રકળા ધીરે ધીરે!'

શુકલ પક્ષમાં ચંદ્રને પૂર્ણચંદ્ર (પૂનમ) થતાં પંદર દિવસ થાય છે પણ એ કળા-વિકાસ માટે મારા માથાએ પંદર વરસ જેટલો લાંબો સમય લીધો! આકાશમાં જેમ 'અમાસથી પૂનમ ભણી' અને એ પછી પાછો 'પૂનમથી અમાસ ભણી' જેવો ઘેરો અંધકાર થવા લાગે છે એવું કાળા માથાના માનવીને વિશે થતું નથી! એનામાં તો 'પૂનમથી નિહારિકા તરફ' એવો વિકાસ થવા લાગે છે. મારા મસ્તક પરનો પૂર્ણ ચંદ્ર કપાળ તરફ ખસવા લાગ્યો ને ત્યાં નિહારિકા થઈને ઝગમગવા લાગ્યો.

સંસ્કૃત કવિઓએ, ખાસ તો કવિ કાલિદાસે ઘરની અગાશી માટે એક સરસ શબ્દ આપ્યો છે : 'ચંદ્રશાળા'. એટલે કે ખીલેલા ચંદ્રને ઝીલવાની, ચાંદનીને માણવાની જગા (=શાળા). મારા મસ્તકે ધીમે ધીમે આવી ચંદ્રશાળાનું રૂપ ધારણ કર્યું. જે પોતે જ ચંદ્ર હતો તે હવે વધુ વિશાળ થઈને ચંદ્રને ઝીલે છે.

આપણે ત્યાં વિકલાંગ (ડિ'સેબલ) જેવા અર્ધ-માનવાચક શબ્દને બદલે હવે નિરાળા સક્ષમ (ડિફરન્ટ્લી એબલ્ડ) જેવો માનવાચક શબ્દ વપરાય છે એમ, જેમના માથે વાળ નથી રહ્યા હોતા એમને માટે અર્ધ-માનવાચક 'ટાલવાળા' શબ્દ વપરાય છે એ બદલીને 'ચંદ્રમૌલિ' શબ્દ વાપરીએ તો આપણે વધારે માનવાચક શબ્દ વાપર્યો ગણાય. ચંદ્રમૌલિ એટલે જેના મસ્તકે ચંદ્ર છે એવા મહાદેવ શંકર. જટાધારી શંકરને માથે ચંદ્ર એ ચોંટાડેલો હોય એવો લાગે છે જ્યારે ટાલવાળાઓ માટે ચંદ્ર અંગનો જ એક મૂળભૂત હિસ્સો હોય છે એટલે શંકર કરતાં પણ ટાલવાળા વધારે સાચી રીતે ચંદ્રમૌલિ કહેવાય. પણ આપણે નવા શબ્દો વપરાશમાં લાવવાની બાબતે બહુ જ આળસુ છીએ – સરસ શબ્દ વાપરીએ તો 'પ્રમાદી' છીએ. 'સરસ્વતીચંદ્ર'ના મહાન લેખક ગોવર્ધનરામે એમના એક પાત્રને પ્રમાદધન કહેવાની હિંમતભરી સર્જકતા બતાવી. એ પછી આપણાં કોઈ ફોઈ આવાં સરસ નામ પાડવાની હિંમત દાખવી શકયાં નથી.

મારા વિશે વાત કરવાની આળસ (=પ્રમાદ)ને કારણે હું આમ બીજી બધી વાતો – ફિલોસોફિકલ ચર્ચાઓમાં પડી જાઉં છું પણ મારે મૂળ રસ્તે પાછા આવવું જોઈએ.

માથામાંના વાળ લુપ્ત થવાને કારણે મને શો ફાયદો થયો? પૂર્વે કહ્યું એમ, વારસામાં શાપ મળ્યો હોવાને કારણે હું સ-ધન (ધનિક) ન થઈ શકયો. ધનિક શ્રેષ્ઠીઓની ટાલો, ટાલ હોવા છતાં કંઈક જુદી જ હોય છે — અત્યારે જે શબ્દ લોકપ્રચલિત છે એ વાપરીએ તો, કંઈક હટકે હોય છે. એમના ચહેરાની ચામડી ચમકે છે એવી જ ચમક એમના મસ્તકમાં પણ હોય છે. રેશમી મુલાયમ ઝભ્ભાવાળો એમનો (જ) હાથ જ્યારે એઓશ્રી માથા પર હળવેથી ફેરવતા હોય છે ત્યારે એક નવી સ્ટાઈલ જોવાનો ધન્ય અનુભવ – બાકીના સૌને પણ – થાય છે. જ્યારે મારા જેવા, માથે તેલ લગાડીને આવે તો પણ એ ચમક એવી ભવ્ય ચમક લાગતી નથી. તેમ છતાં, ટાલમાત્રમાં એક પ્રકારની પ્રભાવશાળી છટા તો હોય જ છે – એવું હું હવે સંકલ્પપૂર્વક માનતો થયો છું.

વાળ ન હોવાથી રોજે રોજ મારો સમય બચે છે. વાળ શેમ્પુ સાબુ આદિથી ધોવા, સૂકવવા, હોળવા એ બધા આનંદના અવસર ગણાતા હશે પણ મૂળમાં તો એ સમયઘાતક છે. હેરકટિંગ સલૂનમાં પણ મારું માથું બે-પાંચ મિનિટમાં પતી જાય છે. હેરકટિંગ સલૂનોના યુનિયને મિનિમમ વાળ-કાપણ-ચાર્જ નક્કી કરેલા ન હોત તો મારા થોડાક પૈસા પણ બચ્યા હોત. ઉનાળામાં બહુ જ ગરમી હોય ત્યારે હું, મારા માથામાં બચ્યા છે એટલા જ વાળથી

પણ કંટાળ્યો હોઉં છું ત્યારે કેશ-કર્તન-કળાકારને કહું છું કે, ભાઈ, ઓછા કરી નાખો. ત્યારે એ કલાકારના સંવેદનશીલ હૃદયમાં કરુણા (દયા) જાગે છે. એ પોતાના અંતરાત્માને કહે છે : 'રહેવા દે, રહેવા દે, આ સંહાર યુવાન તું. ઘટે ના ક્રૂરતા આવી....'(કલાપી). અને મને કહે છે, 'ના, ના, એમ કરવાથી તો કશું જ બચશે નહીં'. એ સાંભળીને મને આનંદ એ વાતે થાય છે કે હું જ એકલો બચતપ્રેમી કરકસરિયા સ્વભાવનો નથી, આ નાપિત યુવાન પણ એવો જ કરકસરિયો છે! એ મને અલ્પ-ધન રહેવા દે છે પણ સાવ નિર્ધન કરવા માગતો નથી !

પણ એની કળાનો પરચો એણે એક વાર બતાવેલો. મારા વાળ કાપી રહ્યા પછી એણે ચંદ્રશાળા મધ્યે હળવેથી અસ્તરો ફેરવવા માંડ્યો. હું ચમક્યો – કેમ ભાઈ, ત્યાં? એ કહે – અહીં તમારે વધુ વાળ હોત તો સારા લાગત, પણ છૂટાછવાયા જે બેપાંચ અંકુર ફૂટી નીકળ્યા છે એ ખરાબ લાગે છે. એ જગા ચોખ્ખી-લિસ્સી જ વધુ સારી લાગે. મને સમજાયું – કેશ આમ અયોગ્ય જગાએ ઊગવા લાગે એ પણ 'સ્થાનભ્રષ્ટ' જ કહેવાય. સંસ્કૃતમાં કહ્યું જ છે ને કે, 'સ્થાનભ્રષ્ટાઃ ન શોભન્તે દંતા-કેશા-નખા-નરાઃ' એક નવો અર્થ લાધ્યો – કપાયેલા જ નહીં, અસ્થાને ઊગવાનો અવિવેક કરનાર પણ સ્થાનભ્રષ્ટ જ વળી! કેશ-કર્તન-કળાકારની કોઠા-સૂઝ માટે મને માન થયું...

અરે, તમને એક વાત કહેવાની તો રહી ગઈ! આવું તો ઘણું કહેવાનું રહી જાય છે. કેમકે હું બહુ જ ભુલકણો છું. જો એ બધું ભૂલી જવાતું ન હોત તો મેં પણ જરૂર ચાર ભાગમાં મારી આત્મ-નવલ-કથા લખી હોત ને સર્વશ્રેષ્ઠ લેખકોમાં એકનો ઉમેરો કર્યો હોત. મારે એ વાત કહેવાની રહી ગઈ કે હું એક ખૂબ જ ઝીણી, નાનકડી કાંસકી રાખું છું. મારા આ અલ્પ વાળ છે તે પણ બળવાખોર છે, ને એથી જ્યારે ને ત્યારે ઊંચા થઈ જાય છે ત્યારે પેલી કાંસકીથી હું એમનો બળવો દાબી દઉં છું. મને રાહત થાય છે કે જો અત્યારે પણ મારા સમગ્ર માથામાં વાળ હોત તો માથામાં બળવાખોરોનું પ્રમાણ કેટલું વધી ગયું હોત! એ વિચારથી જ મારા અલ્પ વાળ ઊંચા થઈ જાય છે...

હમણાં ઘણે દિવસે એક વાર મારા એક વિખ્યાત ઘેઘૂર વાળ વાળા મિત્ર મળી ગયા – પણ એમને માથે એ દિવસે સફાચટ જોતાં મને ધ્રાસકો પડ્યો. મેં કહ્યું, 'શું નજીકનું કોઈ સગું....?!' એમણે કહ્યું, 'ના, ના, યાર. હમણાં તિરુપતિ ગયો હતો ત્યાં મૂંડન કરાવી આવ્યો. પુણ્યનું પુણ્ય ને શાંતિની શાંતિ!.

આવતે ઉનાળે મારે પણ તિરુપતિ જઈ આવવું છે.

('સાત અંગ, આઠ નંગ, અને–', ૨૦૧૬-માંથી)

eBooksનો કિમતી ખજાનો - તમારી અંગત eLibrary માટે

આ ઇ-સામયિક 'સંચયન' ઉપરાંત 'એકત્ર'ની એક બીજી મહત્ત્વની પ્રવૃત્તિ છે વી-ગ્રંથો (eBooks)નું પ્રકાશન.

- આજ સુધીમાં તેનાં પચાસ જેટલાં પ્રકાશનો થયાં છે. બીજાં સતત થયે જાય છે.
- એનું વૈવિધ્ય સાહિત્યનાં અને વિચાર-ચિંતનનાં અનેક સ્વરૂપોની કૃતિઓમાં પ્રસરેલું છે.
- 'એકત્ર'ની eBook એટલે માત્ર મુદ્રિત (printed) પુસ્તકનું વી-રૂપાંતર (e-version) જ નહીં. આપ કોઇપણeBook ખોલશો કે તરત એનું મૂળ આવરણ આવશે; એ પછી એના લેખકનો ફોટોગ્રાફ, એ પછી લેખકનો તથા તે પુસ્તકનો ટૂંકો પણ રસપ્રદ પરિચય. પછી તમે પ્રવેશ કરશો પુસ્તકમાં.....
- આ બધાં જ પુસ્તકો, ઘણું ખર્ચ કરીને'એકત્ર' તૈયાર કરે છે પણ આપ સૌ વાચકોને એ સપ્રેમ વિનામૂલ્યે આપે છે. ગુજરાતી સાહિત્ય અને ભાષા બધે આનંદપૂર્વક પ્રસાર પામે એવું અમારું મિશન છે. આ પુસ્તકો અંગે આપનો પ્રતિભાવ આવકાર્ય છે.
- આ બધાં જ પુસ્તકો www.ekatrafoundation.org અને https://ekatra.pressbooks.pub પર તમે જોઈ શકશો, પસંદ કરીને વાંચી શકશો. તેમ છતાં આ રહી અમે તૈયાર કરેલાં નોંધપાત્રપુસ્તકોની યાદીઃ

અરધી સદીની વાચનયાત્રા - 1-4 – સં. મહેન્દ્ર મેઘાણી
ખરા બપોર – જયંત ખત્રી
અશ્રુઘર – રાવજી પટેલ
અમૃતા – રઘુવીર ચૌધરી
જનાન્તિકે – સુરેશ જોશી
વિદિશા – ભોળાભાઈ પટેલ
ગિજુભાઈની બાળવાર્તાઓ – ગિજુભાઈ બધેકા
ગાંધીજીની જીવનયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ – નારાયણ દેસાઈ
સાત વિચારયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
ભજનાંજલિ – કાકા કાલેલકર
ભવનું ભાતું – સં. મહેન્દ્ર મેઘાણી
ભેદની ભીંત્યુંને ભાંગવી – મનુભાઈ પંચોળી
અપરાજિતા – પ્રીતિ સેનગુપ્તા
ગાંધીજીની જીવનયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
ગીતામંથન – કિશોરલાલ મશરૂવાળા
ખાંભીઓ જુહારું છું – ઝવેરચંદ મેઘાણી
શીંગડાં માંડતાં શીખવશું – મનુભાઈ પંચોળી
તિબેટના ભીતરમાં – સં. મહેન્દ્ર મેઘાણી
ભારેલો અગ્નિ – રમણલાલ વ. દેસાઈ

શું શું સાથે લઈ જઈશ હું ? – સં. મહેન્દ્ર મેઘાણી
સર્વોદય – મોહનદાસ ગાંધી
મારા ગાંધીબાપુ – ઉમાશંકર જોશી
રખડુ ટોળી – ગિજુભાઈ બધેકા
રવીન્દ્રનાથની રત્નકણિકાઓ – નગીનદાસ પારેખ
બાપુની છબી – કાકા કાલેલકર
ત્યારે કરીશું શું ? – લિયો ટોલ્સટોય
હિંદ સ્વરાજ – મોહનદાસ ગાંધી
હાસ્ય-માળાનાં મોતી – સં. મહેન્દ્ર મેઘાણી
જીવનનું પરોઢ – પ્રભુદાસ ગાંધી
સાત વિચારયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
સર્વોદય – સં. મહેન્દ્ર મેઘાણી
વાચનયાત્રાનો પ્રસાદ – સં. મહેન્દ્ર મેઘાણી
મોરનાં ઈંડા – કૃષ્ણલાલ શ્રીધરાણી
પદ્મિની – કૃષ્ણલાલ શ્રીધરાણી
જેલ ઓફિસની બારી – ઝવેરચંદ મેઘાણી
દિવ્યચક્ષુ – રમણલાલ વ. દેસાઈ
કુરબાનીની કથાઓ – ઝવેરચંદ મેઘાણી
મારી હકીકત – નર્મદ
બારી બહાર – પ્રહલાદ પારેખ

વી-ગ્રંથ

‘એકત્ર’ના વી-ગ્રંથોમાં અમે પુસ્તકની માત્ર સામગ્રી(Text) જ પ્રગટ કરવાને બદલે વાચકને એમાં યોગ્ય રીતે પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં પુસ્તકનું સચિત્ર મુખપૃષ્ઠ(cover) તેમજ લેખકનો ફોટોગ્રાફ, અને એ પછી લેખક અને પુસ્તકના ટૂંકા, સરળ પરિચયો પણ મૂકીએ છીએ – જેથી વાચક માટે એ રસપ્રદ બની રહે.

‘એકત્ર’ના સર્વ વી-ગ્રંથોમાં આ સર્જક-કૃતિ પરિચયો ‘સંચયન’ના સંપાદક રમણ સોનીએ લખેલા છે.



‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

મણિશંકર રત્નજી ભટ્ટ ‘કાન્ત’

નિરંજન ભગતે જેમને ગુજરાતીના સૌથી મોટા કળાકાર કવિ કહ્યા છે અને સુન્દરમે જેમની કવિતાને કાવ્યકળાની શિશિરમાં પહેલો વસંતવિજય કહી છે — તે કાન્ત ઉપનામ વાળા મણિશંકર રત્નજી ભટ્ટ (જ. ૨૦ નવે. ૧૮૬૭ — અવ. ૧૬ માર્ચ ૧૯૨૩) આપણા એક ઉત્તમ સર્જક છે. નાટ્યગુણવાળાં અને પાત્ર-ઊર્મિની ઉત્કટતાવાળાં ખંડકાવ્યોથી એમણે નવીન કાવ્ય-સ્વરૂપ સરજ્યું ને શક્તિમંત તથા વિવિધ છંદોની સુઘડતા અને મધુરતાવાળી ચિરસ્મરણીય કૃતિઓ આપી. એવાં જ સુઘડ-મધુર સૉનેટકાવ્યો અને માત્રામેળી કાવ્યો રચ્યાં. કવિતા ઉપરાંત એમણે નાટક, વાર્તા, શિક્ષણ, અનુવાદ, વગેરે સ્વરૂપોમાં પણ લેખનકાર્ય કરેલું. એમનાં ૧૪ જેટલાં પુસ્તકો પ્રગટ થયેલાં છે.

કાન્ત એક તીવ્ર સંવેદનશીલ ચિંતક પણ હતા. ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર અને પછી ત્યાગ એમના જીવનની માનસિક-સામાજિક પરિતાપવાળી ઘટના હતી. પૂર્વાલાપ કાવ્યસંગ્રહ પ્રગટ થયો તે જ દિવસે કાશ્મીરના પ્રવાસથી પાછા વળતાં ટ્રેનમાં એમનું અવસાન થયું.

‘પૂર્વાલાપ’

‘પૂર્વાલાપ’ની ૧૦૦ ઉપરાંત કૃતિઓમાં ખંડકાવ્યો જેવી કેટલીક દીર્ઘ છંદ-રચનાઓ છે જેમાં અતિજ્ઞાન, વસંતવિજય, ચક્રવાકમિથુન કાન્તની જ નહીં પણ સમગ્ર ગુજરાતી કવિતાની સર્વોત્તમ ખંડકાવ્ય-કૃતિઓ છે. ઉપહાર જેવી સઘન સૉનેટ રચનાઓ તથા સાગર અને શશી જેવી સુંદર ગીતમય માત્રામેળી રચનાઓ છે. સુમધુર અને સ્નાયુબદ્ધ છંદવિન્યાસ, સહજ પ્રાસની શિલ્પરચના, ભાવ-અનુસાર પલટાતા વિવિધ છંદોનું સંયોજન તથા ચિંતન અને ઊર્મિની સંયુક્ત પ્રભાવકતા — કાન્તની કવિતાની આગવી ઓળખ છે. એમની શક્તિઓ સર્વ કાવ્યોમાં એકસરખી ઊંચાઈએ રહી નથી છતાં ભાવની આર્દ્રતા અને અભિવ્યક્તિની સફાઈ તો એમાં જોવા મળે છે.

પહેલા કાવ્યથી જ વાચકને આકર્ષી લેતી આ કવિતામાં પ્રવેશવા હાર્દિક નિમંત્રણ....

https://ekatra.pressbooks.pub/purvalap/

Ekatra Foundation

Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી". This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as "language" because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

Mission

"Preserve and spread Gujarati literature through digitization"

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

• Registered Ekatra Foundation as US not-for-profit organization

• Designed and test creation of ebook using both soft copy and physical books.

• Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.

• Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.

• Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.

• Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.

• Received permission to offer over 50 books published by Lok-Milap Trust.

• Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.

• Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્ત્રોત).

Goals

• Esablish Ekatra as the premier online Gujarati literature digital library.

• Offer 200 free ebooks on Ekatra's website.

• Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.

• Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.

• Expand volunteer organization to support book conversion and proof reading tasks.

• Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

• Sourcing of selected books in physical or PDF form.

• Proofreading of OCR content

• Assistance in creating local Ekatra volunteer community

Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org
Atul Raval | atulraval@ekatrafoundation.org

Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).
It's Federal ID is 46-2153818.
Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.